સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 21

[16/05/21 to 22/05/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC / STI / PI

MAINS BATCH

RECORDED BATCH

NEW BATCH START 7 JUNE 2021

ICEની અનુભવી તથા તજજ્ઞ ટીમ દ્વારા સંપૂર્ણ ગાઈડન્સ આપવામાં આવશે.

વધુ માહિતી માટે
Helpline No. 9328001110

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**16 MAY-2021**

- દિવસ મહિમા : 16 મે ............ 02
- ઇથીરિયમના સહ-સ્થાપક શ્રી વિતાલિક બુતેરિને ભારતને 1 અબજ ડોલર ક્રિપ્ટોકરન્સીની સહાય કરી ............ 02
- QUESTION ANSWERS ............ 04

**17 MAY-2021**

- દિવસ મહિમા : 17 મે ............ 05
- શ્રી રાફેલ નડાલે ઇટાલિયન ઓપન- 2021નું ટાઇટલ જીત્યું ............ 05
- મેક્સિકોની સુશ્રી એન્ડ્રીયા મેઝાએ Miss Universe-2020 તાજ જીત્યો ............ 06
- 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' (PM-KISAN) યોજનાનો 8 મો હપ્તો બહાર પાડવામાં આવ્યો ............ 06
- QUESTION ANSWERS ............ 08

**18 MAY-2021**

- દિવસ મહિમા : 18 મે, (1) આંતરરાષ્ટ્રીય સંગ્રાહાલય દિવસ (2) વિશ્વ એઇડ્સ રસી દિવસ ............ 09
- ભારત અને મંગોલિયાના સંસ્કૃતિ મંત્રીઓ વચ્ચે વર્ચ્યુઅલ બેઠક યોજાઇ ............ 09
- COVID-19ની સારવાર માટેની પ્લાઝ્મા થેરાપીને હટાવવામાં આવી ............ 11
- ઈરાને તેનું સૌથી શક્તિશાળી સુપર કમ્પ્યુટર 'સિમોર્ગ' (Simorgh) લોન્ચ કર્યુ ............ 11
- QUESTION ANSWERS ............ 12

**19 MAY-2021**

- ચક્રવાત તૌકતે (Cyclone Tauktae) ............ 13
- પશ્ચિમ બંગાળ સરકારે વિધાન પરિષદ સ્થાપવાનો નિર્ણય કર્યો ............ 15
- રાજસ્થાને મ્યૂકરમાઇકોસીસને મહામારી ઘોષિત કર્યુ ............ 18
- IMAના પૂર્વ અધ્યક્ષ ડો. કે.કે અગ્રવાલનું નિધન ............ 18
- QUESTION ANSWERS ............ 19

**20 MAY-2021**

- દિવસ મહિમા : 20 મે, (1) વિશ્વ મધમાખી દિવસ (2) વિશ્વ માપ વિજ્ઞાન દિવસ ............ 20
- ચીન અને રશિયા સૌથી મોટો પરમાણુ પ્રોજેક્ટ શરૂ કર્યો ............ 20
- વિશ્વનો સૌથી મોટો હિમખંડ (iceberg) એન્ટાર્કટિકાથી તુટી અલગ થયો ............ 20
- ચૂંટણી બોન્ડ (Electoral Bond) ............ 21
- QUESTION ANSWERS ............ 22

**21 MAY-2021**

- દિવસ મહિમા : 21 મે, (1) આતંકવાદ વિરોધી દિન (2) આંતરરાષ્ટ્રીય ચા દિવસ (3) સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ ... 23
- શ્રી ગૌતમ અદાણી એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા ............ 23
- ચિપકો આંદોલનના નેતા શ્રી સુંદરલાલ બહુગુણાનું નિધન ............ 24
- રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી શ્રી જગન્નાથ પહાડિયાનું નિધન ............ 25
- એશિયા કપ-2021 ટુર્નામેન્ટ સ્થગિત કરવામાં આવી ............ 26
- QUESTION ANSWERS ............ 27

**22 MAY-2021**

- દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ ............ 28
- FIFA અન્ડર-17 મહિલા વર્લ્ડ કપનું ભારતમાં આયોજન કરવામાં આવશે. ............ 28
- ભારત-ઓમાન કરાર ............ 29
- ત્રિપુરા સરકારે 'જાગૃત ત્રિપુરા (Jagrut Tripura)' નામનું પોર્ટલ લોન્ચ કર્યુ ............ 29
- ચીનનો નવો વ્યૂહાત્મક રાજમાર્ગ ............ 30
- QUESTION ANSWERS ............ 31

**ONE LINER** ............ 32

**QUESTION OF THIS WEEK** ............ 38


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 મે, (1) રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dangue Day)
## (2) વિશ્વ કૃષિ-પર્યટન દિવસ
## (3) આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ

### વિશ્વ કૃષિ–પર્યટન દિવસ

16 મે, 2021ના રોજ 14 માં 'વિશ્વ કૃષિ–પર્યટન દિવસ' નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ કૃષિ અને પર્યટન ક્ષેત્રને એકીકૃત કરીને ખેડૂતોની આવક વધારવાનો છે.
- વર્ષ 2021ની વિશ્વ કૃષિ પર્યટન દિવસની થીમ 'કૃષિ પર્યટન દ્વારા ગ્રામીણ મહિલા ટકાઉ ઉદ્યોગસાહસિક તકો' છે.
- કૃષિ પર્યટન એ પર્યટનના સ્વરૂપને સંદર્ભિત કરે  છે. જેમાં ગ્રામીણ સંસ્કૃતિને પર્યટન આકર્ષણ તરીકે રજૂ કરવામાં આવે છે.
- ઘણાં વિકસિત દેશોમાં કૃષિ પર્યટન એ પર્યટન ઉદ્યોગનો એક અભિન્ન ભાગ બની ગયો છે.
- દેશમાં કૃષિ પર્યટનના વિકાસ અને પ્રોત્સાહન માટે મહારાષ્ટ્ર અગ્રણી રાજ્ય છે.
- મહારાષ્ટ્રમાં કૃષિ પર્યટનને પ્રોત્સાહન આપવા વર્ષ 2005માં 'કૃષિ પર્યટન વિકાસ નિગમ'ની રચના કરવામાં આવી હતી.

## ઇથીરિયમના સહ-સ્થાપક શ્રી વિતાલિક બુતેરિને ભારતને 1 અબજ ડોલર ક્રિપ્ટોકરન્સીની સહાય કરી

ઈથીરિયમ (Ethereum) એ વિશ્વની સૌથી પ્રખ્યાત ક્રિપ્ટોકરન્સી છે.

- તાજેતરમાં ઈથીરિયમના સહ–સ્થાપક શ્રી વિતાલિક બુતેરિનએ ભારતને કોવિડ-19 મહામારી સામે લડવા માટે 1 અબજ ડોલર ક્રિપ્ટોકરન્સીની સહાય કરી છે.
- શ્રી વિતાલિક બુતેરિન (Vitalik Buterin) એ રશિયન–કેનેડિયન પ્રોગ્રામર છે. તથા ઈથીરિયમ ક્રિપ્ટોકરન્સીના સહ–સ્થાપક છે.

### ઈથીરિયમ એટલે શું ?

ઈથીરિયમ અથવા ઈથેરિયમ એ ક્રિપ્ટોગ્રાફિક બ્લોક્સની વધતી જતી સૂચિની એક વિતરિત અને ઓપન સોર્સ બ્લોકચેન પ્લેટફોર્મ છે.

- ઈથર (ETH) એ ઈથેરિયમ પ્લેટફોર્મનું ક્રિપ્ટોકરન્સી ટોકન છે.
- બિટકોઈન પછી માર્કેટ કેપિટલાઈઝેશન દ્વારા તે વિશ્વની સૌથી મોટી બીજી ક્રિપ્ટોકરન્સી છે.
- આ ઉપરાંત તે વિશ્વમાં સૌથી વધુ સક્રિય રીતે ઉપયોગમાં લેવામાં આવતી બ્લોકચેન પણ છે.
- વર્તમાનમાં એક ઈથેરિયમની કિંમત રૂપિયા 2.88 લાખ છે.
- આ ક્રિપ્ટોકરન્સી શરૂઆતમાં 30 જુલાઈ, 2015ના રોજ રજૂ કરવામાં આવી હતી.
- તેનું નિર્માણ વિતાલિક બુતેરિન અને ગાવિન વુડ દ્વારા કરવામાં આવ્યું હતું.



## ક્રિપ્ટોકરન્સી

- ક્રિપ્ટોકરન્સી એ એક ડિજિટલ સંપત્તિ છે જે વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે.
- તે કમ્પ્યુટરમાં ડેટાબેઝના રૂપમાં અલગ–અલગ સિક્કોની માલિકીના રેકોર્ડને સંગ્રહિત કરવામાં આવે છે.
- આ રેકોર્ડ્સ એક મજબૂત ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ કરીને સંગ્રહિત કરવામાં આવે છે. જેથી ટ્રાન્ઝેક્શન રેકોર્ડ્સને સુરક્ષિત કરી શકાય છે. <u>શ્રી સાતોશી નકામતો</u> નામના વ્યક્તિ એ <u>31 ઓક્ટોબર, 2008</u>ના રોજ તેમના સંશોધન પત્રમાં સૌપ્રથમ બીટકોઈન નામની ક્રિપ્ટોકરન્સીનો ઉલ્લેખ કર્યો હતો
- તેને એક ઓપન સોર્સ કોડ તરીકે જાન્યુઆરી, <u>2009</u>માં રજૂ કરવામાં આવી હતી.
- આ ચલણ લોકો દ્વારા ઉત્પાદિત કરવામાં આવે છે. અને કમ્પ્યુટર્સ તેમજ ઈન્ટરનેટ થકી તેનો વિશ્વભરમાં ઉપયોગ તથા પ્રસાર–પ્રચાર થાય છે.


## GPSCની પ્રિલિમ્સમાં પસંદગી પામતા ICEના ઉમેદવારોને ખૂબ ખૂબ અભિનંદન...




TO BE CONTINUE...

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN OUR WHATSAPP GROUP joinicerajkot.com | t.me/icerajkotofficial | icerajkot

1. દર વર્ષે કયા દિવસે 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે (B)

2. 'વિશ્વ કૃષિ–પર્યટન દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે (A)

3. કયા રાજ્યમાં કૃષિ પર્યટનને પ્રોત્સાહન આપવા વર્ષ 2005માં 'કૃષિ પર્યટન વિકાસ નિગમ'ની રચના કરવામાં આવી હતી ?

(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ (C) મહારાષ્ટ્ર (D) તમિલનાડુ (C)

4. તાજેતરમાં શ્રી વિતાલિક બુતેરિનએ ભારતને 1 અબજ ડોલરની સહાય કરી છે. તે કઈ સંસ્થા અથવા પ્રોગ્રામરના સહસ્થાપક છે ?

(A) ઈથીરિયમ (B) બિટકોઈન

(C) પેથીરિયમ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

5. ઈથીરિયમ શું છે ?

(A) ક્રિપ્ટોકરન્સી (B) એજ્યુકેશન સિસ્ટમ (C) વિમાન કંપની (D) કમ્પ્યુટર વાઈરસ (A)

6. બિટકોઈન નામની ક્રિપ્ટોકરન્સીનો સૌપ્રથમ ઉલ્લેખ કોણે કર્યો હતો ?

(A) શ્રી વિતાલિક બુતેરિન (B) શ્રી ગાવીન વુડ

(C) શ્રી સાતોશી નકામતા (D) શ્રી એડવર્ડ જેનર (C)

7. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 20 મે (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 17 મે, (1) વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા
## વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા
## વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ
## (2) વિશ્વ હાઈપર ટેન્શન દિવસ (World Hypertension Day)

## શ્રી રાફેલ નડાલે ઈટાલિયન ઓપન- 2021નું ટાઈટલ જીત્યું

શ્રી રાફેલ નડાલે ઈટાલિયન ઓપન– 2021નું ટાઈટલ જીત્યું છે. રોમ માસ્ટર્સનું આ તેનું 10મું ટાઈટલ છે.

- ઈટાલિયન ઓપન, 2021નું આયોજન 16 મે, 2021ના રોજ રોમ ખાતે થયું હતું.
- શ્રી રાફેલ નડાલે આ ટાઈટલ ફાઈનલમાં શ્રી નોવાક જોકોવિચને હરાવીને જીત્યું હતું.
- આ ટુર્નામેન્ટને 'રોમ માસ્ટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શ્રી રાફેલ નડાલ સ્પેનના ટેનિસ ખેલાડી છે.
- તેમણે અત્યાર સુધીમાં 20 ગ્રાન્ડ સ્લેમ્સ અને 13 ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીત્યા છે. ક્લે કોર્ટ પર જીતવાનો સૌથી વધુ રેકોર્ડ તેના નામે જ છે.

### ઈટાલિયન ઓપન

આ ટુર્નામેન્ટને મુળરૂપે 'ઈટાલિયન આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપ' કહેવામાં આવે છે.

- આ ટેનિસ ટુર્નામેન્ટ ઈટલીના રોમ ખાતે યોજાય છે.
- ઈટાલિયન ઓપન એ ક્લે કોર્ટ ટેનિસ ટુનામેન્ટ છે.
- આ ટુર્નામેન્ટ, ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટથી અલગ છે.
- આ ટુર્નામેન્ટની શરૂઆત વર્ષ 1930માં થઈ હતી.
- ઈટાલિયન ઓપન ટુર્નામેન્ટ 'એટીપી માસ્ટર્સ 1000' ટુર્નામેન્ટનો એક ભાગ છે.
- 'એટીપી માસ્ટર્સ 1000'એ ટેનિસ ટુર્નામેન્ટની શ્રેણી છે. જેમાં ટેનિસના ટોચના ક્રમાંકિત ખેલાડી જ ભાગ લઈ શકે છે.

### વર્ષ 1990 પછી સૌથી વધુ માસ્ટર્સ ટાઈટલ જીતનાર ખેલાડીઓ

| ક્રમ | ખેલાડી | ટાઈટલ |
|---|---|---|
| 1 | નોવાક જોકોવિચ | 36 |
| 2 | રાફેલ નડાલ | 36 |
| 3 | રોજર ફેડરર | 28 |
| 4 | આંદ્રે અગાસી | 17 |
| 5 | એંડી મરે | 14 |

નોંધ : (1) શ્રી રાફેલ નડાલે આ ટાઈટલ જીતીને સૌથી વધુ ટાઈટલ જીતનાર શ્રી નોવાક જોકોવિચની બરાબરી કરી છે.

(2) નોવાક જોકોવિચ સર્બિયન ટેનિસ ખેલાડી છે.

## મેક્સિકોની સુશ્રી એન્ડ્રીયા મેઝાએ Miss Universe-2020 તાજ જીત્યો

16 મે, 2021ના રોજ અમેરિકાના ફ્લોરિડા ખાતે 69મી મિસ યુનિવર્સ સ્પર્ધાનું આયોજન થયું હતું.

- આ સ્પર્ધામાં સુશ્રી એન્ડ્રીયા મેઝાએ મિસ યુનિવર્સ 2020નો તાજ જીતી લીધો છે.
- વર્ષ 2019માં દક્ષિણ આફ્રિકાના સુશ્રી ઝોજીબિની તુન્ઝીએ Miss Umiverse-2019નો તાજ જીત્યો હતો.
- COVID-19 મહામારીના કારણે વર્ષ 2020માં આ સ્પર્ધા રદ કરવામાં આવી હતી.
- સુશ્રી એન્ડ્રીયા મેઝાએ વિશ્વભરના 74 સ્પર્ધકોને હરાવ્યા હતા.
- બ્રાઝિલના સુશ્રી જુલિયા ગામા બીજા ક્રમે અને પેરુના સુશ્રી જેનિકા મેસેટા ત્રીજા ક્રમે રહ્યા હતા.
- મ્યાનમારના સુશ્રી થુઝર વિંટ લ્વિનએ મ્યાનમારમાં થયેલા બળવા અંગે ધ્યાન દોરવા માટે યોગ્ય સમયનો ઉપયોગ કર્યો હતો.
- તેમણે આ સ્પર્ધામાં રાષ્ટ્રીય પોષાકનો એવોર્ડ પણ જીત્યો હતો. તથા પરંપરાગત બર્મીઝ પેટર્ન પહેર્યુ હતું. અને તેમાં 'Pray for Myanmar'ની નિશાની પણ રાખી હતી.

### Miss Universe

વિશ્વની ચાર મોટી સૌંદર્ય સ્પર્ધાઓમાં મિસ યુનિવર્સ, મિસ વર્લ્ડ, મિસ અર્થ અને મિસ ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે.

- જેમાંથી 28 જૂન, 1952ના રોજ મિસ યુનિવર્સ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.
- તેનો Motto અથવા આદર્શ વાક્ય 'Confidently Beautiful' છે.
- વર્ષ 2021 સુધીમાં ભારતની બે યુવતીઓએ આ ખિતાબ જીત્યો છે.

(1) સુશ્રી સુષ્મિતા સેન (1994)

(2) સુશ્રી લારા દત્તા (2000)

## 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' (PM-KISAN) યોજનાનો 8 મો હપ્તો બહાર પાડવામાં આવ્યો

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'PM-KISAN' યોજનાનો 8 મો હપ્તો બહાર પાડયો છે.

- PM-KISAN યોજનાના 8માં હપ્તાની રજૂઆત થતા જ તમામ લાભાર્થી ખેડૂતોના ખાતામાં રૂ. 2000ની રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ વીડિયો કોન્ફરન્સિંગ કાર્યક્રમ દરમિયાન આ હપ્તો બહાર પાડયો હતો. તથા તેમણે દેશના ખેડુતોના નોંધપાત્ર યોગદાન બદલ આભાર માન્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## PM-KISAN યોજના

<u>24 ફેબ્રુઆરી, 2019</u>ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ <u>ઉત્તરપ્રદેશના ગોરખપુર</u> ખાતેથી 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' (PM-KISAN) યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.

- PM-KISAN યોજના અંતર્ગત દર વર્ષે આશરે <u>રૂ. 75,000 કરોડ</u> અને આગામી દસ વર્ષમાં આશરે <u>રૂ. 7,50,000 કરોડ</u> ખેડુતોના બેંક ખાતામાં સીધા જ જમા કરાવવાની કેન્દ્ર સરકારની યોજના છે.

## PM-KISAN યોજનાનો મુખ્ય ઉદ્દેશ

- ભારતના નાના અને સીમાંત ખેડુતોને દર વર્ષે કેટલિક નિશ્ચિત રકમ ઉપલબ્ધ કરવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી.

## આ યોજનાથી શું લાભ મળે છે

આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડુતને દર વર્ષે <u>રૂ. 6000</u> આપવામાં આવે છે.

- આ સહાયમાં <u>રૂ. 2000</u> ના ત્રણ સમાન હપ્તા (2000×3) લાભાર્થી ખેડુતના સીધા બેંક ખાતામાં જમા થઈ જાય છે.

## આ યોજના માટે નાણાકીય જોગવાઈ

- આ યોજના અંતર્ગત તમામ નાણાકીય સહાય કેન્દ્ર સરકાર દ્વારા જ કરવામાં આવે છે.

નોંધ : (1) PM-KISAN નું પૂરું નામ '<u>P</u>radhan <u>M</u>antri <u>KI</u>san <u>SA</u>mman <u>N</u>idhi' છે.

(2) ગુજરાતમાં PM-KISAN યોજનાનો પ્રારંભ 24 ફેબ્રુઆરી 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતેથી કરાવ્યો હતો.



1. 'વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ' અથવા તો 'વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે (C)

2. 'વિશ્વ હાઈપર ટેન્શન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે (C)

3. ઈટાલિયન ઓપન-2021નું ટાઈટલ કયા ટેનિસ ખેલાડીએ જીત્યું છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી નોવાક જોકોવિચ (C) શ્રી રોજર ફેડરર (D) શ્રી એંડી મરે (A)

4. મિસ યુનિવર્સ 2020 વિજેતા યુવતીનું નામ શું છે ?

(A) સુશ્રી ઝોજીબિની તુન્ઝી (B) સુશ્રી ઝોજીબીની ફયુઝી

(C) સુશ્રી નોઆમી મેઝા (D) સુશ્રી એન્ડ્રિયા મેઝા (D)

5. મિસ યુનિવર્સ 2020 વિજેતા સુશ્રી એન્ડ્રિયા મેઝાના દેશનું નામ શું છે ?

(A) નાઈજીરિયા (B) મેક્સિકો (C) ગ્રીસ (D) દ.આફ્રિકા (B)

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ PM-KISAN યોજનાનો કેટલામો હપ્તો બહાર પાડ્યો છે ?

(A) છટ્ઠો (B) સાતમો (C) આઠમો (D) નવમો (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 18 મે, (1) આંતરરાષ્ટ્રીય સંગ્રાહાલય દિવસ (2) વિશ્વ એઈડ્સ રસી દિવસ અથવા HIV રસી જાગૃતિ દિવસ

## આંતરરાષ્ટ્રીય સંગ્રાહાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રાહાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંગ્રહાલય અથવા તો મ્યુઝિયમના મહત્ત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- સયુંક્ત રાષ્ટ્ર દ્વારા, વર્ષ 1983માં 18 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' (International Museum Day)ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- જોકે, એ અગાઉ 'International Council of Museum (ICOM)' દ્વારા વર્ષ 1977 થી જ આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય સંગ્રાહલય દિવસ'ની થીમ 'The Future of Museums : Recover and Reimagine' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારત અને મંગોલિયાના સંસ્કૃતિ મંત્રીઓ વચ્ચે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

તાજેતરમાં ભારતના સંસ્કૃતિ અને પર્યટન મંત્રી અને મંગોલિયાના સંસ્કૃતિ મંત્રી વચ્ચે એક વર્ચ્યુઅલ બેઠક યોજવામાં આવી હતી.

- જેમાં બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ અંતર્ગત વિવિધ મુદ્દાઓ અને સામાન્ય હિતો સાથેના અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- આ બેઠક મુજબ ભારત અને મંગોલિયા વચ્ચે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો વર્ષ 2023 સુધી ચાલુ રહેશે.
- વર્ષ 2020-2021 થી શરૂ થનારા 'તિબેટ બૌધ્ધ ધર્મ'ના અભ્યાસ માટે વારાણસીના સી.આઈ.બી.એસ, લેહ અને સી.યુ.ટી.એસ જેવી વિશિષ્ટ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે મંગોલિયનોને 10 પ્રતિબધ્ધ ICCR શિષ્યવૃતિ ફાળવવામાં આવી છે.
- આ બેઠકમાં ભારતે ગંદન મઠમાં બૌધ્ધ હસ્તપ્રતોના ડિજિટાલાઈઝેશન પ્રત્યેની પ્રતિબધ્ધતાને પુનરાવર્તિત કરી હતી. અને જણાવ્યું હતું કે ભારત ત્યાં 'સંગ્રાહલય–સહ–પુસ્તકાલય' (Museum-Cum-Library) સ્થાપનામાં મદદ કરવા માટે મંગોલિયાની વિનંતી પર પણ વિચાર કરશે.
- આ બેઠકમાં ભારત સરકાર દ્વારા ભારતમાં રહેતા મંગોલિયાના બૌધ્ધ સાધુઓના વિઝા અને મુસાફરીની સુવિધા માટે ભારત સરકારે કરેલા પ્રયાસો અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ભારત અને મંગોલિયા સંબંધો

- ભારત અને મંગોલિયા વચ્ચેના અલગ–અલગ ક્ષેત્રોના સંબંધો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

## ઐતિહાસિક સંબંધો

- ભારત અને મંગોલિયા બૌધ્ધ વારસાને કારણે આધ્યાત્મિક રીતે જોડાયેલા છે.

## રાજદ્વારી સંબંધો

વર્ષ 1955માં ભારતે મંગોલિયા સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા કારણ કે મંગોલિયાએ ભારતને 'આધ્યાત્મિક પડોશી' અને 'વ્યૂહાત્મક ભાગીદારી' તરીકે ઘોષિત કર્યુ હતું.

- આ રીતે ભારત, મંગોલિયા સાથે રાજદ્વારી સંબંધો ધરાવતું સોવિયત જૂથની બહારનો પ્રથમ દેશ હતો.
- વર્ષ 2015માં ભારતના વડાપ્રધાનશ્રી એ 'India's Act East Policy' હેઠળ પ્રથમવાર મંગોલિયાની મુલાકાત લીધી હતી.

## આંતરરાષ્ટ્રીય સહકાર

મંગોલિયાએ 'સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ' (UNSC)ની કાયમી બેઠકના સભ્યપદ માટે તેમના સમર્થનને ફરી એક વખત પુનરાવર્તન કર્યુ હતું.

- ચીનના આકરા વિરોધ્ધ છતાં ભારતે સંયુક્ત રાષ્ટ્ર સહિતના આંતરરાષ્ટ્રીય મંચોમાં મંગોલિયાની સદસ્યતા મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- મંગોલિયાએ ભારત અને ભૂટાન સાથે મળીને બાંગ્લાદેશની માન્યતા માટે વર્ષ 1972માં સંયુક્ત રાષ્ટ્રના ઠરાવને સહ–પ્રયોજિત કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આર્થિક સંબંધો

- વર્ષ 2020માં ભારત–મંગોલિયા દ્વિપક્ષીય વેપાર ઘટીને 35.3 મિલિયન યુ.એસ ડોલર થઈ ગયો છે. જે વર્ષ 2019માં 38.3 મિલિયન ડોલર હતો.

## સાંસ્કૃતિક સંબંધો

- બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ, વર્ષ 1961માં હસ્તાક્ષર કરાયેલા સાંસ્કૃતિ સહકાર પરના ભારત–મંગોલિયન કરાર હેઠળ હાથ ધરવામાં આવી રહ્યો છે.
- આ કારારમાં શિષ્યવૃતિ, નિષ્ણાતોની આપ–લે, પરિષદોમાં ભાગ લેવો વગેરે દ્વારા શિક્ષણ ક્ષેત્રે સહયોગની કલ્પના કરવામાં આવી છે.

## સંરક્ષણ સહયોગ

- બંને દેશો વચ્ચે 'નોમાડિક એલિફેન્ટ' (Nomadic Elephant) નામના સંયુક્ત લશ્કરી કવાયતનું આયોજન કરવામાં આવે છે.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ આતંકવાદ વિરોધી કામગીરી માટે સૈનિકોને તાલિમ આપવાનો છે.

## COVID-19ની સારવાર માટેની પ્લાઝમા થેરાપીને હટાવવામાં આવી

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે COVID-19 માટેની પ્લાઝમા થેરાપી સારવારને દૂર કરી છે.

- આ પ્રક્રિયા બિનઅસરકારક હોવાના કારણે નિર્ણય લેવામાં આવ્યો છે.
- પ્લાઝમા થેરાપીમાં COVID-19 માંથી રિકવર થયેલા દર્દીના પ્લાઝમા નામના લોહીના ઘટકને COVID-19 ચેપગ્રસ્ત દર્દીમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે.
- પ્લાઝમા, એન્ટિબોડિઝનો એક સમૃધ્ધ સ્ત્રોત છે.
- એન્ટિબોડિઝ એ પ્રોટીન છે જે આક્રમણ કરનારા વાયરસ સામે લડે છે.
- આમા રક્ત સંગ્રહ કરવાની સામન્ય પધ્ધતિઓ શામેલ છે. ત્યારબાદ વિભાજન પ્રક્રિયાની મદદથી પ્લાઝમાં લોહીમાંથી કાઢવામાં આવે છે.
- આ ઉપરાંત દાતા પાસેથી પ્લાઝમા કાઢવા માટે એફેરેસીસ નામના મશિનનો ઉપયોગ કરવામાં આવે છે.
- ચીન અને નેધરલેન્ડે પણ અહેવાલ આપ્યો છે કે COVID-19 સારવાર માટે પ્લાઝમા ઉપચાર અસરકારક નથી.

## ઈરાને તેનું સૌથી શક્તિશાળી સુપર કમ્પ્યુટર 'સિમોર્ગ' (Simorgh) લોન્ચ કર્યુ

ઈરાને તાજેતરમાં 'સિમોર્ગ' (Simorgh) નામનું સુપર કમ્પ્યુટર લોન્ચ કર્યુ છે.

- આ સુપર કમ્પ્યુટર અગાઉના ઈરાની સુપર કમ્પ્યુટર્સ કરતા 100 ગણુ વધારે શક્તિશાળી છે.

### સિમોર્ગ સુપર કમ્પ્યુટર



આ સુપર કમ્પ્યુટરનું નામ ફોનીક્સ (Phoenix) જેવા પક્ષીના નામ પરથી રાખવામાં આવ્યું છે જેને સિમ્ર્ગ (Simorgh) કહેવામાં આવે છે.

- ઈરાનની રાજધાની તહેરાનમાં 'અમીર કબીર યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી' દ્વારા આ સુપર કમ્પ્યુટર વિકસિત કરવામાં આવ્યું છે.
- તે ઈરાની હાઈ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ રિસર્ચ સેન્ટર ખાતે સ્થિત છે.

### ક્ષમતા

સિમોર્ગ સુપર કમ્પ્યુટરની કામગીરી ક્ષમતા 56 પેટાફ્લોપ્સ છે.

- તેમા 250 ચોરસ મીટરના ક્ષેત્રમાં 42 રેક્સનો સમાવેશ થાય છે ભવિષ્યમાં તેને 400 ચોરસ મીટરમાં અપગ્રેડ કરવામાં આવશે.
- આ સુપર કમ્પ્યુટરનું કુલ બજેટ 9 મિલિયન ડોલર થવાની ધારણા છે.

### ઉપયોગ

- આ સુપર કમ્પ્યુટરનો ઉપયોગ ઈમેજ પ્રોસેસિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વર્ક લોડ, ટ્રાફિક અને વેધર ડેટા માટે કરવામાં આવશે.

## TUESDAY Questions

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'આંતરાષ્ટ્રીય સંગ્રાહલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે **(A)**

2. 'વિશ્વ એઈડ્સ રસી દિવસ' અથવા 'HIV રસી જાગૃતિ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 18 મે **(D)**

3. ભારત અને કયા દેશના સંસ્કૃતિ મંત્રી વચ્ચે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી ?

(A) બાંગ્લાદેશ (B) મંગોલિયા (C) શ્રીલંકા (D) કેનેડા **(B)**

4. ભારતે મંગોલિયા સાથે કયા વર્ષે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા ?

(A) 1955 (B) 1960 (C) 1970 (D) 1972 **(A)**

5. 'નોમાડિક એલિફન્ટ' કયા બે દેશ વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત છે ?

(A) ભારત–બ્રિટન (B) ભારત–શ્રીલંકા (C) ભારત–મંગોલિયા (D) ભારત–ઓસ્ટ્રેલિયા **(C)**

6. તાજેતરમાં COVID-19 સારવાર માટેની કઈ થેરાપીને દુર કરવામાં આવી છે ?

(A) કિમો થેરાપી (B) પ્લાઝમાં થેરાપી (C) કોગ્નેટિવ થેરાપી (D) હેલિંગ થેરાપી **(B)**

7. 'સિમોર્ગ' સુપર કમ્પ્યુટર કયા દેશનું છે ?

(A) જાપાન (B) અમેરિકા (C) ઈરાન (D) બ્રિટન **(C)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાત તૌકતે (Cyclone Tauktae)

તાજેતરમાં ચક્રવાત તૌકતે ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના ઉના અને કોડિનાર તાલુકાની વચ્ચે લેન્ડફોલ (Landfall) થયું હતું.

- આ ચક્રવાતને કારણે કેરળ, કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી પસાર થતાં ત્યાં ભારે વિનાશ સર્જાયો છે.

### તૌકતે ચક્રવાતનું નામકરણ



તૌકતે ચક્રવાત અરબી સમુદ્રમાં ઉદ્‌ભવેલું શક્તિશાળી ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.

- આ ચક્રવાતનું નામ મ્યાનમાર દ્વારા આપવામાં અવ્યું છે.
- બર્મી ભાષામાં તેમનો અર્થ થાય છે 'ગેક્કો' એટલે કે એક ખૂબ ઘોંઘાટીય ગરોળી.
- ઉષ્ણકટિબંધીય ચક્રવાત સામાન્ય રીતે ઉત્તર હિંદ મહાસાગર ક્ષેત્ર (બંગાળની ખાડી અને અરબી સમુદ્ર)માં ચોમાસા પૂર્વે (એપ્રિલ થી જૂન) અને ચોમાસા પછીનો સમયગાળો (ઓક્ટોબર થી ડિસેમ્બર) દરમિયાન વિકસે છે. જે ભારતીય દરિયાકિનારાને વધારે નુકસાન કરે છે.

### વર્ગીકરણ

ચક્રવાત તૌકતે 'ખૂબ જ તીવ્ર ચક્રવાત તોફાન' થી 'વધુ તીવ્ર ચક્રવાત તોફાન' સુધી નબળું પડયું હતું.

- ભારત હવામાન વિભાગ (IMD) દ્વારા ઉત્પન્ન થતી મહત્તમ સ્થિર સપાટીના પવનની ગતિના આધારે ચક્રવાતને વર્ગીકૃત કરવામાં આવે છે.
- હવાની ગતીના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિ.મી. પ્રતિ કલાકમાં) |
|---|---|---|
| 1 | ડિપ્રેશન | 31 થી 50 |
| 2 | ડીપ ડિપ્રેશન | 51 થી 62 |
| 3 | ચક્રવાતી તોફાન | 62 થી 68 |
| 4 | ગંભીર ચક્રવાત તોફાન | 88 થી 117 |
| 5 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 165 |
| 6 | અંત્યત ગંભીર ચક્રવાતી તોફાન | 116 થી 220 |
| 7 | સુપર ચક્રવાતી તોફાન | 221 થી વધુ |

## ઉષ્ણકટિબંધીય ચક્રવાત

કર્કવૃત્તથી મકરવૃત્તના વિસ્તારો વચ્ચે ઉદ્ભવતા ચક્રવાતોને ઉષ્ણકટિબંધીય ચક્રવાત કહે છે.

- આ ચક્રવાતો સમશીતોષ્ણ કટિબંધીય ચક્રવાતોની જેમ એકરૂપ તથા નિયમિત હોતા નથી. આ ચક્રવાતના વિવિધ નામો નીચે મુજબ છે.

| ક્રમ | નામ | વિસ્તાર |
|---|---|---|
| 1 | ચક્રવાત/સાયકલોન | હિંદ મહાસાગર |
| 2 | હરિકેન | એટલાન્ટિક સમુદ્ર |
| 3 | ટાઈફૂન | પશ્ચિમ પેસિફિક તથા દક્ષિણ ચીની સમુદ્ર |
| 4 | વિલી–વિલીઝ | પશ્ચિમી ઓસ્ટ્રેલિયા |

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતનું નિર્માણ ઉષ્મીય પરિબળોને કારણે થાય છે અને તે ઉષ્ણકટિબંધના સમુદ્રોમાં નિશ્ચત ઋતુ દરમિયાન નિર્માણ પામે છે.
- ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નિર્માણ માટેની આદર્શ પરિસ્થિતિઓ નીચે મુજબ છે.

(1) ગરમ તથા ભેજવાળી હવાનો સતત અને પુષ્કળ જથ્થો હોવો જોઈએ. $27^0$ C કરતા વધુ સપાટીનું તાપમાન ધરાવતાં સમુદ્રો પર ઉનાળાની ઋતુ દરમિયાન આ ચક્રવાતો ઉદ્ભવે છે.

(2) ચક્રવાતના ઉદ્ભવ માટે વધુ કોરીઓલસ બળ જરૂરી છે. વિષુવૃત્તની બન્ને બાજુ $5^0$ થી $8^0$ જેટલા અક્ષાંશોના પટ્ટામાં કોરીઓલીસ બળ ન્યુનત્તમ હોવાથી અહીં ચક્રવાતો જોવા મળતા નથી. અર્થાત ચક્રવાતમાં જોવા મળતા ભ્રમણકારી પવનો પાછળનું જવાબદાર પરિબળ કોરીઓલીસ બળ છે.

(3) પૂર્વ–હયાત નબળાં લઘુ દબાણ કેન્દ્રો (Weak Tropical Disturbances) વિકસતા તે ઉચ્ચ તીવ્રતાના પ્રચંડ ઉષ્ણકટિબંધીય ચક્રવાતમાં પરિણમે છે.

(4) આ ઉપરાંત ઉષ્ણકટિબંધીય ચક્રવાતની લાક્ષણીકતાઓમાં સ્પષ્ટ આકાશ, ગરમ તાપમાન અને ચક્રવાતની આંખમાં નીચા વાતાવરણીય દબાણનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ ( India Meteorologycal Department (IMD) RMSC, નવી દિલ્હી) દ્વારા આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબીયા અને યુ.એ.ઈ. દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તરહિંદ મહાસાગરમાં ઉદ્દ્ભવતા ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્દ્ભવેલ ચક્રવાત તૌકતેનું નામ મ્યાનમાર દ્વારા સુચિત કરવામાં આવ્યું છે.

**New list of tropical cyclone names adopted by WMO/ESCAP Panel Member Countries in April 2020 for naming of tropical cyclones over North Indian Ocean including Bay of Bengal and Arabian Sea**
(To be used after the name 'Amphan' from the previous list is utilised)

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

## પશ્ચિમ બંગાળ સરકારે વિધાન પરિષદ સ્થાપવાનો નિર્ણય કર્યો

તાજેતરમાં પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં વિધાન પરિષદ (Legislative Council)ની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે.

- નોંધનીય છે કે વર્ષ 1969માં પશ્ચિમ બંગાળમાં વિધાન પરિષદની નાબૂદી કરવામાં આવી હતી.

## વિધાનપરિષદ

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ-169</u>માં વિધાનપરિષદના નિર્માણ અને નાબૂદી અંગેની પ્રક્રિયા આપવામાં આવી છે.

- ભારતીય સંસદને સત્તા આપવામાં આવી છે કે તે કોઈ રાજ્યમાં વિધાનપરિષદનું સર્જન કરી શકે છે.
- પરંતુ તે માટે જે રાજ્યમાં વિધાનપરિષદની રચના કરવી હોય તે રાજ્યની વિધાનસભામાં તે અંગેનો ઠરાવ <u>વિશિષ્ટ બહુમતી</u>થી એટલે કે રાજ્ય વિધાનસભાના કુલ સભ્ય સંખ્યાની બહુમતી (50% કરતા વધુ) અને ગૃહમાં હાજર રહી અને મતદાન કરતા સભ્યોની સંખ્યાના ઓછામાં ઓછા <u>2/3</u> બહુમતી દ્વારા પસાર કરવો આવશ્યક છે.
- ત્યારબાદ સંસદ સામન્ય બહુમતીથી ઠરાવ પસાર કરી જે–તે રાજ્યમાં વિધાનપરિષદની રચના કરી શકે છે.
- બંધારણ અમલમાં આવ્યું તે સમયે <u>8 રાજ્યોમાં</u> દ્વિગૃહી વિધાનમંડળની વ્યવસ્થા હતી.
- આ રાજ્યોમાં મહારાષ્ટ્ર, તમિલનાડુ, મૈસુર (હાલનું કર્ણાટક), ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબ, આંધ્રપ્રદેશ અને બિહારનો સમાવેશ થતો હતો.
- પરંતુ સંસદે પોતાની સત્તા અને રાજ્યોની ભલામણોનો સ્વીકાર કરી ઈ.સ. <u>1969</u>માં પંજાબ અને પશ્ચિમ બંગાળની વિધાનપરિષદ નાબૂદ કરી, ઈ.સ. <u>1985</u>માં આંધ્રપ્રદેશની વિધાનપરિષદ નાબૂદ કરી, ઈ.સ. <u>1986</u>માં તમિલનાડુની વિષનપરિષદ નાબૂદ કરી હતી.
- જોકે, આંધ્રપ્રદેશે ઈ.સ. <u>2007</u>માં ફરી વિધાનપરિષદનું સર્જન કર્યુ હતું.
- હાલમાં ભારતમાં કુલ <u>છ રાજ્ય</u>માં વિધાનપરિષદ છે.

## વિધાન પરિષદ ધરાવતા છ રાજ્યો

વિધાન પરિષદ ધરાવતા છ રાજ્યોમાં આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક, ઉત્તરપ્રદેશ અને તેલંગાણા રાજ્યનો સમાવેશ થાય છે.

- વર્ષ 2020માં આંધ્રપ્રદેશ વિધાનસભાએ વિધાનપરિષદ નાબૂદ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો પરંતુ આ ઠરાવને રદ કરવા માટે ભારતની સંસદ દ્વારા મંજૂરી મળવાની બાકી છે.
- સંસદ દ્વારા <u>'જમ્મુ કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ 2019'</u> પસાર કરી જમ્મુ કાશ્મીરની વિધાનપરિષદને રદ કરવામાં આવી હતી.

## રાજ્યો અને તેની વિધાનપરિષદની બેઠકો

| ક્રમ | રાજ્ય | બેઠકો |
|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | 58 |
| 2 | મહારાષ્ટ્ર | 78 |
| 3 | ઉત્તરપ્રદેશ | 100 |
| 4 | બિહાર | 75 |
| 5 | તેલંગાણા | 40 |
| 6 | કર્ણાટક | 75 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિધાનપરિષદની સંરચના

બંધારણના <u>અનુચ્છેદ-171</u> અંતર્ગત સંસદને વિધાનપરિષદની સંરચના અંગે કાયદો બનાવવાની સત્તા છે, પરંતુ સંસદે અત્યાર સુધીમાં પોતાની આ સત્તાનો ઉપયોગ કર્યો નથી. આથી વર્તમાનમાં વિધાનપરિષદની સંરચના નીચે મુજબ છે.

**વિધાનપરિષદની સંરચના**

- 1/3 સભ્યો રાજ્યોની વિધાનસભાના સદસ્યો દ્વારા પરોક્ષ રીતે ચૂંટાય છે.
- 1/3 સભ્યો સ્થાનિક સંસ્થાઓ જેવી કે નગરપાલિકાઓ, જિલ્લા બોર્ડ વગેરેના સભ્યો દ્વારા ચૂંટાય છે.
- 1/12 સભ્યો રાજ્યોમાં વસવાટ કરતા ઓછામાં ઓછા 3 વર્ષથી સ્નાતક હોય તેવા તમામ મતદારો દ્વારા ચૂંટાય છે.
- 1/12 સભ્યો 3 વર્ષથી શિક્ષણ સાથે સંકળાયેલા અને માધ્યમિક શાળા કે તેથી ઉચ્ચ શાળાઓના શિક્ષકો દ્વારા ચૂંટાય છે.
- 1/6 સભ્યોની રાજ્યપાલ દ્વારા નામાંકિત કરવામાં આવશે. જેમણે કલા, વિજ્ઞાન સાહિત્ય, સહકારી પ્રવૃતિ અને સમાજ સેવામાં વિશેષ યોગદાન આપ્યું હોય.

- અહીં રાજ્યપાલ દ્વારા નામાંકિત સભ્યો સિવાયના તમામ સભ્યો <u>પ્રમાણસર પ્રતિનિધિત્વ (Proportional System) અનુસાર એક સંક્રમણીય મત (Single Transferable Vote)</u> પધ્ધતિ દ્વારા ચૂંટાય છે. જે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પ્રક્રિયા સમાન છે.
- વિધાનપરિષદની મહત્તમ સભ્ય સંખ્યા જે તે રાજ્યની વિધાનસભાની કુલ સભ્ય સંખ્યાના <u>1/3</u> થી વધુ હોવી જોઈએ નહીં અને ઓછામાં ઓછી <u>40</u> સભ્ય સંખ્યા હોવી જોઈએ.

## વિધાનપરિષદના સભ્યોની લાયકાત (અનુચ્છેદ-173)

**વિધાનપરિષદના સભ્યોની લાયકાત**

- વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ.
- વ્યક્તિ 30 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો હોવા જોઈએ.
- કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની કોઈપણ સેવામાં લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહીં.

## શપથ

- વિધાનપરિષદના દરેક સભ્યોએ બંધારણની ત્રીજી અનુસૂચિમાં દર્શાવેલ નમુના મુજબ રાજ્યપાલ સમક્ષ અથવા રાજ્યપાલ દ્વારા નિયુક્તત વ્યકિતત સમક્ષ શપથ ગ્રહણ કરવાના હોય છે.

## કાર્યકાળ


- કેન્દ્રમાં રાજ્યસભા કાયમી ગૃહ છે તેવી જ રીતે રાજ્યમાં વિધાનપરિષદ કાયમી ગૃહ છે. જેનું કયારેય વિસર્જન થતું નથી.
- વિધાન પરિષદનો કાર્યકાળ નથી પરંતુ તેના સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે. દર બે વર્ષે 1/3 સભ્યો નિવૃત્ત થાય છે અને આ નિવૃત સભ્યોના સ્થાને અન્ય નવા સભ્યો કે તે જ સભ્યો ફરી ચૂંટાય છે.
- પરંતુ જો કોઈ સભ્ય પોતાનું રાજીનામું આપે અથવા પોતાના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામે તો તેમના સ્થાને નવા સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. આ સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો નહીં પરંતુ બાકી રહેલા સમય પૂરતો જ રહેશે.

## રાજસ્થાને મ્યૂકરમાઈકોસીસને મહામારી ઘોષિત કર્યુ

તાજેતરમાં રાજસ્થાન રાજ્યમાં મ્યૂકરમાઈકોસીસને મહામારી તરીકે જાહેર કર્યુ છે.

- રાજસ્થાનમાં મ્યૂકરમાઈકોસીસના કેસોની સંખ્યા સતત વધી રહી છે.
- આ સંદર્ભે રાજસ્થાન રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં એક જાહેરનામુ બહાર પાડ્યું છે.
- 'રાજસ્થાન મહામારી અધિનિયમ,2020' અંતર્ગત રાજ્યામાં મ્યૂકરમાઈકોસીસને મહામારી અને અધિસૂચિત રોગ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.
- અધિસૂચિત રોગ એટલે કે બીમારી વિશે દર્દીને કાયદેસર રીતે સરકારને જાણ કરવી પડે છે.
- અગાઉ હરિયાણામાં આ રોગને અધિસૂચિત રોગ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- મ્યૂકરમાઈકોસીસ ગંભીર પંરતુ ફુગજન્ય રોગ છે.
- તે 'મ્યૂકરમાયસિટિસ' મોલ્ડના કારણે થાય છે. જે પર્યાવરણમાં પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે.
- વર્તમાનમાં આ બિમારી COVID-19 થી સાજા થયેલા દર્દીઓમાં જોવા મળે છે.
- મ્યૂકરમાઈકોસીસને 'બ્લેક ફંગસ' અથવા 'ઝાયગોમાઈકોસિસ'ના નામથી પણ ઓળખવામાં આવે છે.

## IMAના પૂર્વ અધ્યક્ષ ડો. કે.કે અગ્રવાલનું નિધન



જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડો. કે.કે અગ્રવાલનું તાજેતરમાં COVID-19 ના કારણે 63 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ IMA (Indian Medical Association)ના અધ્યક્ષ પદે રહી ચૂક્યા છે.
- નોંધનીય છે કે ડો. અગ્રવાલ આરોગ્યના વિવિધ મુદ્દાઓ પર જાગૃતિ ફેલાવવાના તેમના પ્રયત્નો માટે જાણીતા છે.
- ડો. કેવલ કૃષ્ણ અગ્રવાલ ચિકિત્સક અને કાર્ડિયોલોજિસ્ટ (હૃદય રોગના જાણકાર) હતા.
- તેમનો જન્મ 5 સપ્ટેમ્બર, 1958ના રોજ દિલ્હી ખાતે થયો હતો.
- તેમણે વર્ષ 1979માં નાગપુર યુનિવર્સિટીમાંથી MBBS નો અભ્યાસ કર્યો હતો તથા વર્ષ 1983માં MD નો પણ અભ્યાસ કર્યો હતો.
- વર્ષ 2005 માં તેમને 'ડો. બી.સી.રોય એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ એવોર્ડને તબીબી ક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ માનવામાં આવે છે.
- IMA (Indian Medical Association)એ ડોક્ટરોનું એક સંગઠન છે. જેની સ્થાપના વર્ષ 1988માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે સ્થિત છે.

1. તાજેતરમાં ગુજરાતના દરિયા કિનારે કયું ચક્રવાત ટકરાયું હતું ?

(A) નિસર્ગ (B) તૌકતે (C) યાસ (D) ગુલાબ **(B)**

2. તૌકતે (Tauktae) ચક્રવાતનું નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે ?

(A) મ્યાનમાર (B) માલદીવ (C) કતાર (D) બાંગ્લાદેશ **(A)**

3. તૌકતે ચક્રવાત ગુજરાતના કયા જિલ્લામાં લેન્ડફોલ થયું હતું ?

(A) પોરબંદર (B) કચ્છ (C) ગીરસોમનાથ (D) ભાવનગર **(C)**

4. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે વિધાનપરિષદ સ્થાપવાનો નિર્ણય કર્યો છે ?

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ (C) હરિયાણા (D) પ.બંગાળ **(D)**

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં વિધાનપરિષદના નિર્માણ અને નાબૂદી અંગેની પ્રક્રિયા આપવામાં આવી છે ?

(A) અનુચ્છેદ-169 (B) અનુચ્છેદ-89 (C) અનુચ્છેદ-229 (D) અનુચ્છેદ-129 **(A)**

6. તાજેતરમાં કયા રાજ્યએ મ્યૂકરમાઈકોસીસને મહામારી તરીકે ઘોષિત કર્યુ છે ?

(A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) રાજસ્થાન (D) તમિલનાડુ **(C)**

7. તાજેતરમાં ડો.કે.કે. અગ્રવાલનું નિધન થયું છે. જે__________ના પૂર્વ અધ્યક્ષ હતા.

(A) DRDO (B) IMA (C) IMC (D) MNC **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 મે, (1) વિશ્વ મધમાખી દિવસ (World Bee Day)
## (2) વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)

## ચીન અને રશિયાએ સૌથી મોટો પરમાણુ પ્રોજેક્ટ શરૂ કર્યો

19 મે, 2021 ના રોજ ચીન અને રશિયાએ સૌથી મોટો પરમાણુ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

- રશિયન રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શ્રી જિંગ પિંગે આ સમારોહમાં ભાગ લીધો હતો.
- વર્ષ 2018માં રશિયા અને ચીને પરમાણુ ઉર્જા સહયોગ પ્રોજેક્ટ પરના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ કરાર હેઠળ બંને દેશો Xudapu પરમાણુ ઉર્જા પ્લાન્ટના યુનિટ 3 અને યુનિટ 4 તથા તિયાનવાન પરમાણુ ઉર્જા પ્લાન્ટના યુનિટ 7 અને યુનિટ 8 બનાવવા માટે સંમત થયા હતા.
- ઉપરોક્ત ચાર એકમોનું નિર્માણ બંને દેશો વચ્ચે વિજ્ઞાન અને તકનીકી નવીનીકરણ તથા ઉચ્ચ ઉપકરણોના ઉત્પાદનમાં સહયોગનું પરિણામ છે.
- આ પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાતુ પરમાણુ રિએકતટર ત્રીજી પેઢીનું 'VVER-1200 રિએકતટર' છે.
- પ્રોજેક્ટ પુરો થયા બાદ આ રિએક્ટર 37.6 અબજ KW વીજળી ઉત્પન્ન કરશે.
- આ ઉપરાંત 30.68 મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડ ઘટાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચૂંટણી બોન્ડ (Electoral Bond)

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, પશ્ચિમ બંગાળ, આસામ અને કેરળમાં 695.34 કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ (Electoral Bond) વેચાયા હતા.

- વર્ષ 2018 થી એટલે કે આ યોજનાની શરૂઆતથી આજ સુધી કોઈપણ વિધાનસભાની ચૂંટણીમાં 'ચૂંટણી બોન્ડ'થી પ્રાપ્ત થયેલી સૌથી વધુ રકમ હતી.
- ભારતમાં ચૂંટણી બોન્ડનો સૌપ્રથમ ઉલ્લેખ વર્ષ 2017ના સામન્ય બજેટમાં કરવામાં આવ્યો હતો.

### ચૂંટણી બોન્ડ યોજના

ભારત સરકારે વર્ષ 2018માં 'ચૂંટણી બોન્ડ યોજના' (Electoral Bond Scheme) જાહેર કરી હતી.

- ચૂંટણીલક્ષી બોન્ડ રાજકીય પક્ષોને દાન આપવા માટેનું નાણાકીય સાધન છે.
- ચૂંટણી બોન્ડ મહત્તમ રૂ. 1000, રૂ. 10,000, રૂ. 1 લાખ, રૂ. 10 લાખ અને રૂ. 1 કરોડ ના ગુણાકમાં બહાર પાડવામાં આવે છે.
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા આ બોન્ડ્સને ઈશ્યુ કરવા અને તેને Encash (વેચીને રોકડા નાણાં કરવા) કરવા માટે અધિકૃત બેન્ક છે.

- આ બોન્ડ ઈશ્યુ થયાની તારીખથી પંદર દિવસ સુધી માન્ય રહેશે.
- આ બોન્ડ રજિસ્ટર્ડ રાજકીય પક્ષના ઉલ્લેખિત ખાતામાં રિફન્ડ થાય છે.
- કોઈ એક વ્યક્તિ અથવા અન્ય વ્યક્તિઓ સાથે સંયુક્ત રીતે બોન્ડ ખરીદી શકે છે.
- બોન્ડ ઉપર દાતાના નામનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.
- ચૂંટણી બોન્ડ યોજના અયોગ્ય ભંડોળને નિયંત્રિત કરે છે.

નોંધ : (1) ભારતમાં રાજકીય અથવા ચૂંટણીના ભંડોળના નિયમનને ધ્યાનમાં રાખીને ‘જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951’ની કલમ 29(C) હેઠળ રાજકીય પક્ષોને રૂ. 20,000 થી વધુના ભંડોળને જાહેર કરવું ફરજિયાત છે.

(2) ‘વિદેશી અનુદાન (નિયમન) અધિનિયમ, 1976’ની કલમ 2(E) મુજબ કોઈપણ વિદેશી સ્ત્રોત તરફથી ફાળો સ્વીકારવા માટે સંપુર્ણપણે પ્રતિબંધિત છે. તથા આ કાયદા હેઠળ દંડ પણ કરવામાં આવ્યા છે.

(3) ‘જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951’ની કલમ 77 રાજકીય પક્ષોના ચૂંટણી ખર્ચને નિર્ધારિત કરે છે.

## વિશ્વનો સૌથી મોટો હિમખંડ (iceberg) એન્ટાર્કટિકાથી તુટી અલગ થયો

તાજેતરમાં એક હિમખંડ એન્ટાર્કટિકા ખંડથી તુટી અલગ થયો છે.

- આ હિમખંડ અથવા આઈસબર્ગ વિશ્વનો સૌથી મોટો આઈસબર્ગ છે.
- આ આઈસબર્ગ અથવા હિમખંડને 'A-76' નમ આપવામાં આવ્યું છે.
- આ આઈસબર્ગ 170 કિલોમીટર લાંબો અને 25 કિલોમીટર પહોળો છે.
- જેને ‘કોપર્નિકસ સેન્ટિનેલ’નામની યુરોપિયન અવકાશ એજન્સીના ઉપગ્રહ દ્વારા જોવામાં આવ્યો હતો.
- આ આઈસબર્ગ વર્તમાનમાં ‘વેડેલ સાગર’ (Weddell Sea) પર તરી રહ્યો છે.
- વેડેલ સાગરએ પશ્ચિમ એન્ટાર્કટિકમાં આવેલ એક વિશાળ ખાડી છે.
- બ્રિટિશ એન્ટાર્કટિક સર્વેએ આ ઘટનાની સૌપ્રથમ જાણ કરી હતી.
- દર વખતે જ્યારે કોઈ આઈસબર્ગ એન્ટાર્કટિકામાંથી બહાર આવે છે ત્યારે તે દરિયાની સપાટીને વધારે છે.



1. 'વિશ્વ મધમાખી દિવસ' સમગ્ર વિશ્વમાં કયા દિવસે ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે (C)

2. 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ' કયા દિવસે ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે (C)

3. તાજેતરમાં કયા બે દેશે વિશ્વનો સૌથી મોટો પરમાણુ પ્રોજેક્ટ શરૂ કર્યો છે ?

(A) ચીન–રશિયા (B) ભારત–અમેરિકા (C) રશિયા–બ્રિટન (D) બ્રિટન–જાપાન (A)

4. 'ચૂંટણી બોન્ડ યોજના' ભારતમાં કયા વર્ષ જાહેર કરવામાં આવી હતી ?

(A) વર્ષ 2010 (B) વર્ષ 2012 (C) વર્ષ 2014 (D) વર્ષ 2018 (D)

5. 'ચૂંટણી બોન્ડ યોજના' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ચૂંટણી બોન્ડ રાજકીય પક્ષોને દાન આપવા માટેનું એક નાણાકીય સાધન છે.

2. ચૂંટણી બોન્ડ મહત્તમ રૂ. 1000, રૂ. 10,000, રૂ. 1 લાખ, રૂ. 10 લાખ, રૂ. 1 કરોડના ગુણાકમાં બહાર પાડવામાં આવે છે.

3. તાજેતરમાં કેરળ, તમિલનાડુ, પુડુચેરી, પ.બંગાળ અને આસામમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન અત્યાર સુધીના સૌથી વધુ બોન્ડ વેંચાયા હતા.

4. આ બોન્ડ ઈશ્યુ થયાની તારીખથી 15 દિવસ સુધી માન્ય રહેશે.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

6. વિશ્વનો સૌથી મોટો હિમખંડ અથવા આઈસબર્ગ એન્ટાર્કટિકા ખંડમાંથી અલગ થયો છે. તેને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) A-76 (B) B-76 (C) C-76 (D) D-76 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 21 મે, (1) આતંકવાદ વિરોધી દિન (Anti Terrorism Day)
## (2) આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)
## (3) સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ

### આતંકવાદ વિરોધી દિવસ

ભારતમાં દર વર્ષે 21 મેના રોજ 'આતંકવાદ અથવા તો ત્રાસવાદ વિરોધી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 21 મે, 1991ના રોજ ભારતના પુર્વ વડાપ્રધાન શ્રી રાજીવગાંધીની તમિલનાડુના શ્રી પેરુમ્બુદર ખાતે હત્યા કરવામાં આવી હતી.
- આથી, આ ઘટનાને કારણે આતંકવાદના વિરોધમાં ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત શ્રી વી.પી. સિંહની સરકારે આતંકવાદના વિરોધમાં જાગૃતિ લાવવા માટે ભારતમાં 21 મેના રોજ 'આતંકવાદ વિરોધી દીન'ની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

### આંતરરાષ્ટ્રીય ચા દિવસ

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 21 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2020 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- આ અંતર્ગત વર્ષ 2020માં યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ વખત 'આંતરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 21 ડિસેમ્બર, 2019ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ગૌતમ અદાણી એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા

બ્લુમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ (Bloomberg Billionaries Index)અનુસાર ભારતના અગ્રણી ઉદ્યોગ સાહસિકોમાંના એક શ્રી ગૌતમ અદાણી એશિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે.

- તેઓએ બીજા ક્રમે ચીનના ઝોંગ શાન્સનને પાછળ છોડયા છે.
- શ્રી ગૌતમ અદાણીની કુલ સંપતિ 67.6 અબજ ડોલર છે. હવે તે એશિયામાં ફક્ત શ્રી મુકેશ અંબાણીની પાછળ છે.
- વૈશ્વિક સ્તરે શ્રી ગૌતમ અદાણી વિશ્વના સૌથી 14માં ધનવાન વ્યક્તિ છે.
- શ્રી મુકેશ અંબાણીની કુલ સંપતિ 76.3 અબજ ડોલર છે જે વિશ્વના 13માં સૌથી ધનિક વ્યક્તિ છે.
- આ વર્ષે ગૌતમ અદાણીની કુલ સંપતિમાં 32.7 અબજ ડોલરનો વધારો થયો છે.

## શ્રી ગૌતમ અદાણી

અદાણી ગ્રુપના સ્થાપક અને અધ્યક્ષ શ્રી ગૌતમ અદાણીનો જન્મ 24 જૂન, 1962ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.

- તેમણે વર્ષ 1988માં 'અદાણી જૂથ'ની સ્થાપના કરી હતી.
- અદાણી ગ્રુપ એ કોલસાના વેપાર, કોલસાનું ખાણકામ, તેલ અને ગેસ સંશોધન, બંદરો, મલ્ટી મોડેલ લોજિસ્ટિક્સ, વીજ ઉત્પાદક અને ટ્રાન્સમિશન તથા ગેસ વિતરણ જેવા વ્યવસાયોને સંચાલિત કરવા માટે એક વર્લ્ડ ક્લાસ ઈન્ટિગ્રેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

## વિશ્વના સૌથી ધનિક લોકોની યાદી

| ક્રમ | નામ | સંપતિ |
|---|---|---|
| 1. | જેફ બેજોસ | 189 અબજ ડોલર |
| 2. | એલોન મસ્ક | 163 અબજ ડોલર |
| 3. | બર્નાડ અર્નૌલ્ટ | 162 અબજ ડોલર |
| 4. | બિલ ગેટ્સ | 142 અબજ ડોલર |
| 5. | માર્ક ઝુકરબર્ગ | 119 અબજ ડોલર |
| 13. | મુકેશ અંબાણી | 76.3 અબજ ડોલર |
| 14. | ગૌતમ અદાણી | 67.6 અબજ ડોલર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચિપકો આંદોલનના નેતા શ્રી સુંદરલાલ બહુગુણાનું નિધન

21 મે, 2021ના રોજ પ્રખ્યાત પર્યાવરણવાદી અને ચિપકો આંદોલનના નેતા શ્રી સુંદરલાલ બહુગુણાનું COVID-19 ના કારણે 94 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી સુંદરલાલ બહુગુણાનો જન્મ 9 જાન્યુઆરી, 1927 ના રોજ ઉત્તરાખંડના ટીહરી ગઢવાલ ખાતે થયો હતો.
- તેઓ ચિપકો આંદોલનમાં તેમની ભૂમિકા માટે જાણીતા છે. તથા તેમણે હિમાલય ક્ષેત્રમાં જંગલોના સંરક્ષણ માટે કાર્ય કર્યુ હતું.
- ચિપકો આંદોલન ઉપરાંત તેમણે ટિહરી ડેમ વિરૂધ્ધ આંદોલન પણ ચલાવ્યું હતું.
- તેમને ભારત સરકારે વર્ષ 1981માં પદ્મશ્રી એવોર્ડથી નવાજ્યા હતા.
- આ ઉપરાંત તેમને વર્ષ 1986માં જમનલાલ બજાજ એવોર્ડ અને વર્ષ 2009માં પદ્મવિભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

## ચિપકો આંદોલન

ચિપકો આંદોલન મૂળરૂપે ઉત્તરાખંડના લોકો દ્વારા જંગલોની સુરક્ષા માટે શરૂ કરાયેલ એક આંદોલન હતું.

- વર્ષ 1973માં આ આંદોલનની શરૂઆત ઉત્તરાખંડ રાજ્યમાં થઈ હતી.
- આ આંદોલનનો મુખ્ય ઉદ્દેશ જંગલોને વિનાશ થતો બચાવવાનો હતો.
- આ આંદોલનમાં શ્રી સુંદરલાલ બહુગુણા, સુશ્રી સુરક્ષા દેવી, ગૌરા દેવી, સુશ્રી સુદેશા દેવી, સુશ્રી બચની દેવી, શ્રી ચંદી પ્રસાદ ભટ્ટ, સુશ્રી વિરુષ્કા દેવી વગેરે એ મહત્વની ભૂમિકા ભજવી હતી.
- આ આંદોલનની શરૂઆત ઉત્તરાખંડ રાજ્યના ચમોલી જિલ્લામાં થઈ હતી.
- અહીં 2400 થી વધુ વૃક્ષો કાપવાનો કોન્ટ્રાક્ટ એક કંપનીને આપવામાં આવ્યો હતો.
- જંગલો કાપવાના વિરોધમાં પુરુષો અને મહિલાઓ જંગલોના કાપને અટકાવવા વૃક્ષને વળગી રહેતા હતા તથા કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને વૃક્ષ કાપવા દેતા ન હતા.
- ચિપકો આંદોલનને 'મહિલા ચળવળ' તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે તેના મોટાભાગના કાર્યકર મહીલાઓ હતી.
- ચિપકો આંદોલનનું ઘોષણા વાક્ય 'વન, માટી, પાણી અને પવનની તરફેણ શું છે ? માટી, પાણી અને હવા જીવંત રહેવાનો અધિકાર' છે.
- આ આંદોલન બાદ કેન્દ્ર સરકારે વન સંરક્ષણ કાયદો પસાર કરીને કાયદો ઘડયો હતો. આ ઉપરાંત પર્યાવરણ મંત્રાલયની પણ રચના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી શ્રી જગન્નાથ પહાડિયાનું નિધન

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી શ્રી જગન્નાથ પહાડિયાનું 19 મે, 2021 ના રોજ COVID-19ના કારણે નિધન થયું હતું.

- તેઓ રાજસ્થાનના મુખ્યમંત્રી ઉપરાંત રાજ્યસભાના સંસદ પણ રહી ચૂક્યા છે.
- શ્રી જગન્નાથ પહાડિયાનો જન્મ 15 જાન્યુઆરી, 1932ના રોજ રાજસ્થાનના ભુસાર ખાતે થયો હતો.
- તેઓ 6 જૂન 1980 થી 14 જુલાઈ 1981 સુધી રાજસ્થાનના મુખ્યમંત્રી પદે રહ્યા હતા.
- તેઓ વર્ષ 1980 થી 1990 અને વર્ષ 1998 થી 2008 દરમિયાન રાજસ્થાન વિધાનસભામાં ધારાસભ્ય પણ હતા.
- તેમણે બીજી લોકસભામાં સવાઈ માધોપુર લોકસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.
- આ ઉપરાંત તેમણે હરિયાણાના રાજ્પાલ તરીકે પણ સેવા આપી હતી.
- શ્રી જગન્નાથ પહાડિયા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલા હતા.

## એશિયા કપ-2021 ટુર્નામેન્ટ સ્થગિત કરવામાં આવી

આ વર્ષે એશિયા કપ-2021 શ્રીલંકામાં જૂન 2021 માં યોજાવાનો હતો. પરંતુ તે હવે COVID-19 મહામારીના કારણે સ્થગિત કરવામાં આવ્યો છે.

- એશિયા કપ વર્ષ 2020 અને 2021 એમ બે વખત COVID-19 મહામારીના કારણે સ્થગિત કરવામાં આવ્યો છે.
- શરૂઆતમાં આ ટુર્નામેન્ટ પાકિસ્તાનમાં યોજાવાની હતી પરંતુ સુરક્ષા કારણોસર શ્રીલંકાને તેનું આયોજન આપવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે COVID-19 મહામારીના કારણે તાજેતરમાં ઘણી રમતો મોકૂફ રાખવામાં આવી છે.
- એશિયા કપ વન ડે અને ટી-20 ફોર્મેટમાં યોજાતી ટુર્નામેન્ટ છે.
- વર્ષ 1983માં જ્યારે એશિયન ક્રિકેટ કાઉન્સિલની સ્થાપના થઈ ત્યારે આ ટુર્નામેન્ટની પણ સ્થાપના કરવામાં આવી હતી.
- એશિયા કપ સૌપ્રથમ સંયુક્ત આરબ અમીરાતના શારજાહમાં વર્ષ 1984માં યોજાયો હતો.
- આ ટુર્નામેન્ટમાં ભારત સૌથી સફળ ટીમ છે. ભારતે સાત વાર આ ખિતાબ જીત્યો છે.




# FRIDAY Questions

1. સમગ્ર વિશ્વમાં 'આતંકવાદ વિરોધી દિન' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 21 મે (B) 22 મે (C) 23 મે (D) 24 મે — (A)

2. 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' કયા દિવસે ઉજવવમાં આવે છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે — (D)

3. 'સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે — (B)

4. શ્રી ગૌતમ અદાણી એશિયાના કેટલામાં સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા — (B)

5. તાજેતરમાં શ્રી સુંદરલાલ બહુગુણાનું નિધન થયું છે તે કયા આંદોલન સાથે સંકળાયેલા છે ?

(A) ચિપકો આંદોલન (B) નર્મદા આંદોલન

(C) સંરક્ષણ આંદોલન (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં — (A)

6. તાજેતરમાં શ્રી જગન્નાથ પહાડિયાનું નિધન થયું છે. તે કયા રાજ્યના મુખ્યમંત્રી હતા ?

(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ — (C)

7. તાજેતરમાં એશિયા કપ-2021 ટુર્નામેન્ટ સ્થગિત કરવામાં આવી છે. આ ટુર્નામેન્ટ કયા દેશમાં યોજાવાની હતી ?

(A) બાંગ્લાદેશ (B) U.A.E (C) પાકિસ્તાન (D) શ્રીલંકા — (D)

8. એશિયા કપની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1978 (B) 1983 (C) 1988 (D) 1991 — (B)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biological Diversity)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 મેના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 20 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ 22 મે, 1992ના રોજ પસાર કરવામાં આવેલા નૌરોબી એક્ટનું પાલન કરવાનું તથા જૈવ વિવિધતા અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010 ને જૈવ વિવિધતા વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2021ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ 'We're Part of the Solution' છે.

નોંધ : સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 22 મેને 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે ઉજવવાની કરવામાં આવેલી જાહેરાત અગાઉ દર વર્ષે 29 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવતી હતી.

## FIFA અન્ડર-17 મહિલા વર્લ્ડ કપનું ભારતમાં આયોજન કરવામાં આવશે.

ફીફા અન્ડર-17 વિમેન્સ વર્લ્ડ કપ (2022 FIFA Under-17 Women's World Cup)નું આયોજન ભારતમાં કરવામાં આવશે.

- આ અગાઉ વર્ષ 2021માં જ ભારતમાં આ વર્લ્ડ કપનું આયોજન નક્કી થયું હતું. પરંતુ કોરોના મહામારીના કારણે તેને રદ્દ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022માં ફીફા અન્ડર-17 મહિલા વર્લ્ડ કપ 11 થી 30 ઓક્ટોબર દરમિયાન યોજાશે.
- આ અગાઉ ભારતમાં વર્ષ 2017માં પુરુષોની અંડર-17 વર્લ્ડ કપનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે આ વર્લ્ડ કપમાં કુલ 16 ટીમો ભાગ લેશે.

### FIFA

FIFAનું પૂરું નામ 'ફેડરેશન ઈન્ટરનેશનલ ડે ફૂટબોલ એસોસિએશન' છે.

- FIFA એ ફૂટબોલ, ફૂટસલ (Futsal) અને બીચ સોકર (Beach Soccer)નું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે.
- FIFAનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચ ખાતે આવેલું છે.
- FIFAના વર્તમાન અધ્યક્ષ શ્રી જિયાન્ની ઈન્ફન્ટિનો છે.
- FIFAની સ્થાપના વર્ષ 1904માં કરવામાં આવી હતી.
- FIFAના સભ્યો દેશોને છ સંગઠનો હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જેમાં ભારત એશિયન ફૂટબોલ સંઘમાં આવે છે.

નોંધ : (1) ફૂટબોલ (ઉપરાંત પોલો અને હોકી)ની રમતનું મેદાન ફિલ્ડ તરીકે ઓળખાય છે.

(2) ફૂટબોલની રમતમાં એક ટીમમાં 11 ખેલાડી હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત–ઓમાન કરાર

તાજેતરમાં ભારત–ઓમાને લશ્કરી સહયોગની સાથે સાથે સમુદ્રી સુરક્ષા પરના કરાર (MoU)નું નવીનીકરણ કર્યુ છે.

- અરબી સમુદ્રના બંને દેશો ભૌગલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે એકબીજા સાથે જોડાયેલા છે.
- સંયુક્ત આયોગની બેઠક (JCM) અને સયુંક્ત વ્યાપાર પરિષદ (JBC) જેવી સંસ્થાકીય પધ્ધતિઓ બંને દેશ વચ્ચે આર્થિક સહકારની દેખરેખ રાખે છે.

### સંરક્ષણ કરાર

પશ્ચિમ એશિયામાં ઓમાન ભારતનો સૌથી જૂનો સંરક્ષણ ભાગીદાર છે. આ ઉપરાંત ચાંચિયાગીરી વિરોધી અભિયાનોમાં પણ ભાગીદાર છે.

- ભારતે ઓમાનને રાઈફલ્સ પણ સપ્લાય કરી છે.
- નોંધનીય છે કે ભારત ઓમાનમાં સંરક્ષણ પ્રોડકશન યુનિટ સ્થાપવા અંગે વિચારણા કરી રહ્યું છે.
- ભારત અને ઓમાન દ્વારા તેમની ત્રણ સૈન્ય સેવાઓ વચ્ચે નિયમિત દ્વિવાર્ષિક કવાયત હાથ ધરવામાં આવે છે.

| ક્રમ | યુધ્ધ અભ્યાસનું નામ | દળ |
|---|---|---|
| 1. | અલ નજાહ | થલસેના (Army) |
| 2. | ઈસ્ટર્ન બ્રિજ | વાયુસેના (Air Force) |
| 3. | નસીમ–અલ–બહર | નૌકાદળ (Navy) |

### દરિયાઈ સહયોગ

ઓમાન હોર્મોઝ સ્ટ્રેટના પ્રવેશદ્વાર પર સ્થિત છે. જેના માધ્યમથી ભારત તેની આયાતનો પાંચમો ભાગ આયાત કરે છે.

- ઓમાન દ્વારા ભારતીય વહાણોને અપાયેલા બર્થના અધિકાર (Berth Rights) ભારતીય નૌકાદળ માટે એડેનની અખાતમાં ચાંચિયાગીરી વિરુધ્ધ કાર્યવાહી કરવા માટે મહત્વપુર્ણ છે.
- ઓમાનના દુકુમ બંદર પર પહોંચવા માટે ભારતે વર્ષ **2018**માં ઓમાન સાથે કરાર કર્યા હતા.
- આ ઉપરાંત હિન્દ–પ્રશાંત મહાસાગરમાં ચીનની વધતી પકડને પહોંચી વળવા ભારતને ઓમાનના સમર્થનની જરૂર છે.

## ત્રિપુરા સરકારે 'જાગૃત ત્રિપુરા (Jagrut Tripura)' નામનું પોર્ટલ લોન્ચ કર્યુ

તાજેતરમાં ત્રિપુરા સરકારે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ વિવિધ યોજનાઓનો લાભ લોકોને આપવા માટે 'જાગૃત ત્રિપુરા' નામનું એક ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યુ છે.

- આ પ્લેટફોર્મ દ્વારા વિવિધ વિભાગોની ઓછામાં ઓછી **109** યોજનાઓ ઉપલબ્ધ કરાઈ છે.
- આ ડિજિટલ પ્લેટફોર્મ ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી બિપ્લબ કુમાર દેબ (Biplab Kumar Deb) દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

- COVID-19 મહામારીને કારણે જેમના વ્યવસાય અસર થઈ છે તેવા વ્યવસાય માલિકોને પણ આ પ્લેટફોર્મ દ્વારા સમર્થન મળી શકે છે.
- આ 109 યોજનાઓને વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવી છે જે નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાની કેટેગરી | કેટલી યોજના |
|---|---|---|
| 1 | શિક્ષણ | 43 |
| 2 | નાના વ્યવસાય | 16 |
| 3 | કૃષિ | 14 |
| 4 | પેન્શન | 12 |
| 5 | આરોગ્ય અને તબીબી | 10 |
| 6 | આવાસ | 7 |
| 7 | સામાજિક સેવા | 6 |
| 8 | મત્સ્ય ઉદ્યોગ | 1 |

નોંધ : (1) આ ઓનલાઈન પોર્ટલને EasyGov નામની Jio Group ની કંપનીએ વિકસિત કર્યુ છે.

(2) આ ડિજિટલ પ્લેટફોર્મએ ત્રિપુરા સરકાર દ્વારા તેની 'આત્મનિર્ભર ત્રિપુરા' પહેલ અંતર્ગત શરૂ કરાયેલ પહેલમાંની એક છે.

## ચીનનો નવો વ્યૂહાત્મક રાજમાર્ગ

તાજેતરમાં ચીને ભારતમાં અરૂણાચલ પ્રદેશ રાજ્યની સાથે વિવાદિત સરહદ સાથેના દૂરના વિસ્તારોમાં તેની પહોંચને વધુ મજબૂત બનાવવા માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હાઈવેનું નિર્માણ પૂરું કર્યુ છે.

- આ હાઈવેનું નિર્માણ કાર્ય વર્ષ 2014માં શરૂ કરવામાં આવ્યું હતું.
- આ હાઈવે બ્રહ્મપુત્રા નદીની ખીણમાંથી પસાર થાય છે.
- આ હાઈવે પેડ ટાઉનશીપ (Pad Township) ને ન્યિંગચી (Nyingchi) અને મેડોંગ કાઉન્ટી (Medog County) સાથે જોડે છે.
- ન્યિંગચી અને મેડોંગ બંને 'તિબેટ સ્વાયત્ત ક્ષેત્ર', ચીનમાં સ્થિત છે.
- મેડોંગ એ તિબેટનો છેલ્લો પ્રાંત છે. જે અરૂણાચલ પ્રદેશની સરહદ નજીક સ્થિત છે.
- નોંધનીય છે કે ચીન અરૂણાચલ પ્રદેશને દક્ષિણ તિબેટના ભાગ રૂપે દાવો કરે છે. જેને ભારતે નકારી કાઢ્યું છે.
- આ ઉપરાંત વર્ષ 2020ની શરૂઆતમાં ચીને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ રેલ્વેલાઈન પર કામ શરૂ કર્યુ હતું. જે સિચુઆન પ્રાંતને તિબેટના નિગચી સાથે જોડશે. આ રેલ્વે લાઈન ભારતના અરુણાચલ પ્રદેશની સરહદ નજીક સ્થિત છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (C)

2. વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ શું છે ?

(A) We're Part of the Solution (B) Our Solutions are in Nature

(C) Our Biodiversity (D) We're Our Food, Our Health (A)

3. વર્ષ 2022માં FIFA અન્ડર-17 મહિલા વર્લ્ડ કપનું આયોજન કયા દેશમાં કરવામાં આવશે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) સ્પેન (C) ભારત (D) અમેરિકા (C)

4. FIFA નું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના .......... ખાતે આવેલું છે.

(A) જીનિવા (B) ઝુરિચ (C) બેર્ન (D) બેસેલ (B)

5. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે સમુદ્રી સુરક્ષા પરના કરારનું નવીનીકરણ કર્યુ છે ?

(A) ઓમાન (B) શ્રીલંકા (C) ઇન્ડોનેશિયા (D) ચીન (A)

6. ત્રિપુરા સરકારે તાજેતરમાં કયું પોર્ટલ લોન્ચ કર્યુ છે જેમાં 109 યોજનાનો સમાવેશ કરાયો છે ?

(A) જાગૃત ત્રિપુરા (B) યુવા ત્રિપુરા

(C) મુખ્યમંત્રી જાગૃત યોજના (D) ઉપરોક્તત પૈકી એકપણ નહીં (A)

7. ચીને તાજેતરમાં અરૂણાચલ પ્રદેશની સરહદ નજીક એક નવો વ્યૂહાત્મક રાજમાર્ગ તૈયાર કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ હાઈવેનું નિર્માણ વર્ષ 2014માં શરૂ કરવામાં આવ્યું હતું.

2. આ હાઈવે બ્રહ્મપુત્રા નદીની ખીણમાંથી પસાર થાય છે.

3. આ હાઈવે પેડ ટાઉનશિપને ન્યિંગચી અને મેડોંગ કાઉન્ટી સાથે જોડે છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ ગુજરાત માટે રૂ. 1000 કરોડની સહાય જાહેર કરી**

તૌકતે ચક્રવાતને કારણે ગુજરાતમાં સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લા ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અસરગ્રસ્ત વિસ્તારોનો હવાઈ સર્વે કર્યા બાદ ગુજરાત માટે રૂ. 1000 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ગુજરાતમાં ચક્રવાતથી કેટલું નુકસાન થયું છે તેનો અંદાજ મેળવવા માટે કેન્દ્રની આંતર મંત્રીમંડળીય ટીમને મોકલવાની જાહેરાત કરી હતી. અને તેના અહેવાલના આધારે વધારે સહાય કરવાની પણ જાહેરાત કરી હતી. તથા ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં ચક્રવાતને કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને રૂ. 2 લાખ તથા ઈજાગ્રસ્તોને રૂ. 50,000ની સહાયની જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **રૂરલ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેનટ ફંડ (RIDF)**

National Bank for Agriculture and Rular Development (NABARD) એ તાજેતરમાં જાહેરાત કરી કે તેમણે વર્ષ 2020-21માં આસામને તેના રૂરલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ (RIDF) માંથી 1,236 કરોડ રૂપિયા પૂરા પાડયા છે. RIDFની રચના વર્ષ 1995-96માં 2000 કરોડ રૂપિયાના પ્રારંભિક ભંડોળ સાથે થઈ હતી. વર્ષ 2020-21માં RIDFની સંચિત ફાળવણી રૂ. 18,500 કરોડ થઈ ગઈ છે. આ ભંડોળનો ઉપયોગ ભારત સરકાર દ્વારા માન્ય 37 પાત્ર પ્રવૃતિઓ માટે કરવામાં આવશે. આ પાત્ર પ્રવૃતિઓને ત્રણ વ્યાપક વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવી છે. જેમાં સામાજિક ક્ષેત્ર, કૃષિ અને તેને સંબંધિત ક્ષેત્ર તથા ગ્રામીણ જોડાણ છે.

➤ **જળ જીવન મિશન માટે કેન્દ્ર દ્વારા 5,968 કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા**

17 મે, 2021ના રોજ કેન્દ્ર સરકારે 'જળ જીવન મિશન'ના અમલ માટે રૂ. 5,968 કરોડ રૂપિયા જાહેર કર્યા હતા. આ રકમ 15 રાજ્યો માટે બહાર પાડવામાં આવી હતી. વર્ષ 2021-22માં રજૂ થનાર 4 હપ્તા માંથી આ પ્રથમ હપ્તો છે. જળ જીવન મિશન હેઠળ ફાળવવામાં આવેલા કુલ ભંડોળમાંથી 93% પાણી પુરવઠાના માળખાના વિકાસ માટે, 2% પાણીની ગુણવતા અને દેખરેખ પ્રવૃતિઓમાં તથા 4% સહાયક પ્રવૃતિઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે. વર્ષ 2021માં ભારત સરકારે તેના બજેટમાંથી જળ જીવન મિશન માટે રૂ. 50,011 કરોડ ફાળવ્યા હતા. નોંધનીય છે કે 15માં નાણા પંચે પાણી અને સ્વચ્છતા સેવાઓ માટે 26,940 કરોડ રૂપિયાની ભલામણ કરી હતી. આમ 2021-22માં ગ્રામિણ ઘરોમાં નળનું પાણી પૂરું પાડવા માટે રૂ. 1 લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે.

➤ **Biological E ભારતમાં જોહન્સન એન્ડ જોહન્સની COVID રસીનું નિર્માણ કરશે**

બાયોલોજિકલ ઈ (Biological E) COVID-19 ની પોતાની રસીની સાથે જોહન્સન એન્ડ જોહન્સનની રસીનું નિર્માણ કરશે. જેનાથી દેશની એકંદર રસીના ઉત્પાદનમાં વધારો થશે. પ્રથમ ક્વાડ સમિટમાં નવી રસીની ભાગીદારીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ભારત, ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને જાપાન જેવા ચાર ક્વાડ દેશોએ તેમના સંસાધનો પૂલ કરવાનો નિર્ણય કર્યો હતો. તેઓએ વર્ષ 2022 સુધીમાં 1 અબજ COVID-19 રસી લાવવાનું પણ નક્કી કર્યુ છે. યોજના મુજબ 'યુનાઈટેડ સ્ટેટ્સ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન' બાયોલોજીકલ ઈ ને સહાય કરશે.

➤ **હિમાચલ પ્રદેશે 'આયુષ ઘર દ્વાર' (Ayush Ghar Dwar) કાર્યક્રમ લોન્ચ કર્યો**

હિમાચલ પ્રદેશ સરકારે તાજેતરમાં કોવિડ-19 દર્દીઓના કલ્યાણ માટે 'આયુષ ઘર દ્વાર' (Ayush Ghar Dwar) કાર્યક્રમ શરૂ કર્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ COVID-19 દર્દીઓનું શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક કલ્યાણ સુનિશ્ચિત કરવાનો છે. આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સહયોગથી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમના માધ્યમથી હિમાચલ પ્રદેશ સરકાર આશરે 30,000 કોવિડ-19 દર્દીઓને લાભ મેળવવાનો પ્રયાસ કરશે. જેમને ઘરના એકાંત અથવા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **આવકવેરા વિભાગ નવુ ઈ-ફાઈલિંગ પોર્ટલ શરૂ કરશે.**

આવકવેરા વિભાગ (Income Tax Department) દ્વારા 7 જૂન ના રોજ પોતાનું નવું ઈ–ફાઈલિંગ પોર્ટલ www.incometax.gov.in લોન્ચ કરશે આ નવા ઈ–ફાઈલિંગ પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ કરદાતાઓને સુવિધા અને આધુનિક એકિકૃત અનુભવ પ્રદાન કરવાનો છે. આ પોર્ટલ કરદાતાઓને ઝડપી રિફંડ આપવા માટે ઈન્કમટેક્સ રીટર્નની ત્વરિત પ્રક્રિયા સાથે સંકળાયેલ છે. આ નવા પોર્ટલમાં કરદાતાઓ સંબંધિત કાર્યવાહી ડેશબોર્ડ પર બતાવવામાં આવશે. આ ઉપરાંત કરદાતા સહાયતા માટે ચેટબોટ, એજન્ટ દ્વારા પુછાતા વારંવાર પ્રશ્નો, ટુટોરિલ્સ અને કરદાતાઓના પ્રશ્નોના તાત્કાલિક જવાબો માટે કોલ સેન્ટર પણ ઉપલબ્ધ છે.

➤ **પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના**

પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ 22 નવી પ્રાદેશિક એઈમ્સ સ્થાપવાની મંજૂરી આપવામાં આવી હતી. દેશમાં તૃતીય આરોગ્ય સંભાળ હોસ્પિટલોની ઉપલબ્ધતા સાથે સંકળાયેલ અસંતુલનને દૂર કરવા અને દેશમાં તબીબી શિક્ષણમાં સુધારો લાવવા માટે આ યોજના વર્ષ 2003માં જાહેર કરવામાં આવી હતી. આ યોજનાના મુખ્ય બે ઘટક છે. પ્રથમ એઈમ્સ જેવી સંસ્થાઓની સ્થાપના કરવી અને બીજુ વિવિધ રાજ્યોમાં સરકારી મેડિકલ કોલેજનું અપગ્રેડ કરવું. આ દરેક મેડિકલ કોલેજને અપગ્રેડ કરવા માટેનો ખર્ચ કેન્દ્ર અને રાજ્ય બંને ઉઠાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ઉત્તરપ્રદેશે મ્યૂકરમાઇકોસિસ અથવા બ્લેક ફંગસ ને મહામારી તરીકે જાહેર કર્યુ.**

ઉત્તરપ્રદેશ રાજ્યએ મ્યૂકરમાઈકોસિસ રોગને મહામારી તરીકે ઘોષિત કર્યુ છે. ઉત્તરપ્રદેશ રાજ્યમાં હાલમાં 150 થી વધુ કેસ નોંધાયા છે. નોંધનીય છે કે અગાઉ રાજસ્થાન અને હરિયાણા રાજ્યએ પણ મ્યૂકરમાઈકોસિસને એક અધિસૂચિત રોગ તરીકે જાહેર કર્યુ હતું. એટલે કે જેમને આ રોગ થશે તેમને આ રોગ વિશેની સરકારી અધિકારીઓને જાણ કરવી પડશે. આ મહામારી અથવા અધિસૂચિત રોગ જાહેર કરવાના કારણે અધિકારીઓને રોગના ફેલાવા વિશેની માહિતી એકત્રિત કરવામાં, રોગનું નિરિક્ષણ કરવામાં અને પ્રારંભિક ચેતવણી કરવામાં મદદ કરશે.

## વિશ્વ

➤ **આયર્લેન્ડમાં 300 વર્ષ પછી સારસ (Cranes) પક્ષી જોવા મળ્યું**

સારસ પક્ષી એ આઈરિશ લોકકથાનો એક ભાગ છે. તાજેતરમાં આ પક્ષી આયર્લેન્ડમાં જોવા મળ્યું હતું. આ પક્ષીઓ તેમના સવર્ધન સમયગાળા દરમિયાન 300 વર્ષ પછી જોવા મળ્યું છે. ઈ.સ. 1700માં આયર્લેન્ડમાંથી સારસ લુપ્ત થઈ ગયા હતા. સારસ પક્ષી છીછરા પાણીમાં તેમના માળા બનાવે છે. તેઓ એક સમયે માત્ર બે ઈંડા મુકે છે. તે વિશ્વના સૌથી ઉચા ઉડતા પક્ષીઓ છે. પૂર્વ એશિયા અને દક્ષિણ અમેરિકામાં તેમની આઠ જુદી–જુદી જાતિઓ જોવા મળે છે. સારસ આયર્લેન્ડમાં તેના સવર્ધન સમયગાળા દરમિયાન જોવા મળતું નથી.

➤ **સાયબર એટેક બાદ અમેરિકામાં ગેસની અછત નોંધાઈ**

કોલોનિયલ પાઈપલાઈન (Colonial Pipeline) સાયબર એટેક બાદ તાજેતરમાં અમેરિકાના પૂર્વ કિનારે ગેસોલિનની અછત નોંધાઈ છે. વસાહતી પાઈપલાઈન બંધ થયા પછી સ્ટોરેજ ટાંકી ભરવા માટે જહાજો અને ટ્રકો તૈનાત કરવામાં આવ્યા હતા. યુ.એસ.માં 1,21,000 સ્ટોર્સ છે. જે રોજ 5,300 ગેલેન ગેસોલીન વેચે છે. આ સ્ટોર્સમાં ગેસોલિનની માંગમાં બેથી પાંચ ગણો વધારો થયો છે. વર્ષ 2016 પછી પ્રથમવાર એક ગેલન ગેસોલીનના રાષ્ટ્રીય સરેરાશ ભાવમાં 3 ડોલરનો વધારો થયો છે. વોશિંગ્ટન ડીસીમાં લગભગ 75% ગેસ સ્ટેશનો સાયબર એટેક પછી ઈંધણ વિનાના હતા. ઈંધણની અછતના કારણે અમેરિકન એરલાઈન્સ ફ્લાઈટનું સમયપત્રક બદલવું પડ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સંયુક્ત રાષ્ટ્ર વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહ - 2021**

વર્ષ 2021માં સંયુક્ત રાષ્ટ્ર 17 મે થી 23 મે સુધી છઠ્ઠા 'વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહ'ની ઉજવણી કરી રહ્યું છે. વૈશ્વિક માર્ગ સલામતિ સપ્તાહની થીમ 'Strrts for Life' છે. તથા થીમની ટેગલાઈન #Love30 છે. તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત દ્વિવાર્ષિક વૈશ્વિક માર્ગ સલામતિ અભિયાન છે. પ્રથમ વૈશ્વિક માર્ગ સલામતિ સપ્તાહ વર્ષ 2007માં ઉજવવામાં આવ્યો હતો. માર્ગ સલામતિ અંગે જાગૃતિ લાવવા અને માર્ગ અકસ્માતો ઘટાડવા આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ 2021 વૈશ્વિક માર્ગ સલામતિ સપ્તાહના ભાગ રૂપે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સડક સુરક્ષા 2021 થી 2030 માટે દશકની કાર્ય યોજના પણ લોન્ચ કરવામાં આવી છે.

➤ **'SBIRS Geo- 5 Missile Warning Satellite' યુ.એસ સ્પેસ ફોર્સ માટે લોન્ચ કરવામાં આવ્યો**

**19 મે, 2021**ના રોજ યુનાઈટેડ લોન્ચ એલાયન્સ દ્વારા ફ્લોરિડાના કેપ કેનાવરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી ‘એટલાસ વી’ રોકેટને અવકાશ તરફ રવાના કરવામાં આવ્યું હતું. આ રોકેટની મદદથી અવકાશમાં **'SBIRS Geo- 5 Missile Warning Satellite'** ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ મિસાઈલ ચેતવણી, યુધ્ધ ક્ષેત્ર અને મિસાઈલ સંરક્ષણમાં મુખ્ય ક્ષમતાઓ પ્રદાન કરશે. તેનું વજન **4,850** કિલોગ્રામ છે. **SBIRS**નું પૂરું નામ **'Space Based Infrared System'** છે. **SBIR** મૂળભૂત રીતે સ્પેસ ટ્રેકિંગ અને મોનિટરિંગ સિસ્ટમ છે.



## ICE ? Questions

- **NABARD એ તાજેતરમાં વર્ષ 2021માં કયા રાજ્યના RIDF માંથી 1,236 કરોડ રૂપિયા પૂરા પાડયા છે.**

  – આસામ
- **NABARD નું પૂરું નામ જણાવો. – National Bank for Agriculture and Rular Development**
- **RIDF નું પૂરું નામ શું છે ?** – રૂરલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ
- આયર્લેન્ડમાં 300 વર્ષ પછી તાજેતરમાં કયું પક્ષી જોવા મળ્યું છે ? – સારસ
- તાજેતરમાં કયા દેશમાં સાયબર એટેક બાદ ગેસની અછત નોંધાય છે ? – અમેરિકા
- જળ જીવન મિશન માટે કેન્દ્ર દ્વારા કેટલા કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા છે ? – 5,968
- સંયુક્ત રાષ્ટ્ર વૈશ્વિક સડક સુરક્ષા સપ્તાહ-2021 કયારે ઉજવવામાં આવ્યો છે ? – 17 મેથી 23 મે સુધી
- ........ ભારતમાં જોહન્સન એન્ડ જોહન્સનની COVID રસીનું નિર્માણ કરશે. – Biological E
- 'SBIRS Geo-5 Missil Warning' સેટેલાઈટ કયા દેશની ફોર્સ માટે લોન્ચ કરવામાં આવ્યો છે ?

  – અમેરિકા
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તૌકતે ચક્રવાતના નુકસાન અંગે ગુજરાત માટે કેટલા હજાર કરોડની સહાય જાહેર કરી છે ? – 1000
- કયા રાજ્યએ 'Ayush Ghar Dwar' કાર્યક્રમ લોન્ચ કર્યો છે ? – હિમાચલ પ્રદેશ
- તાજેતરમાં પ્રધાનમંત્રી સ્વસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ કેટલી નવી પ્રાદેશિક એઈમ્સ સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે ? – 22

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ઓક્સિજન ઉત્પાદનમાં ઉપયોગી 'ઝિઓલાઇટ્સ' શું છે ? – ખનિજ

(એર ઈન્ડિયાએ તાજેતરમાં રોમથી બેંગ્લોર સુધી ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટોમાં વપરાતી 35 ટન ઝિઓલાઈટ પહોંચાડી છે. ઝિઓલાઈટ એ એલ્યુમિનોસિલિકેટ ખનિજ છે જે સૂક્ષ્મ છિદ્રાળુ પદાર્થ છે.)

2. ભારતીય રિઝર્વ બેંક અધિનિયમની બીજી સુચિમાં કયા નામથી બેંકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ? – અનુસૂચિત વાણિજ્યિક બેંક

3. 'ધ ક્રાઈસ્ટચર્ચ કોલ' કયા દેશની પહેલ છે ? – ન્યુઝીલેન્ડ

4. કયા રાજ્યમાં 'કુંડોલી પ્રસ્તાવિત આરક્ષિત વન' આવેલ છે. જ્યાં તાજેતરમાં 18 હાથીઓ મૃત્યું પામ્યા છે ? – આસામ

(12 મેની રાત્રે આસામના કાઠિયાટોલી રેન્જ હેઠળના કુંડોલી પ્રસ્તાવિત આરક્ષિત વનમાં આવેલ બામુની ડુંગરમાં 18 હાથીઓના મોત નીપજ્યા હતા. પોસ્ટમોર્ટમના પ્રારંભિક તારણોએ સંકેત આપ્યો હતો કે આકાશમાંથી પડેલી વીજળી હાથીઓના મોતનું કારણ છે.)

5. ભારતે કયા દેશો વિરૂધ્ધ એન્ટિ–ડમ્પિંગ તપાસ શરૂ કરી છે ? – ચીન, થાઈલેન્ડ, વિયેતનામ

(વાણિજ્ય મંત્રાલયે તાજેતરમાં ચીન, વિયેતનામ અને થાઈલેન્ડ વિરૂધ્ધ એન્ટિ–ડમ્પિંગ તપાસ શરૂ કરી છે. આ તપાસ આ દેશોમાંથી સોલાર સેલ આયાતની વિરૂધ્ધ છે. ભારતીય સોલાર મેન્યુફેક્ચર્સ એસોસિએશન દ્વારા સુપરાત કરવામાં આવેલી અરજી બાદ મંત્રાલયે આ તપાસ શરૂ કરી છે.)

6. સયુંક્ત રાષ્ટ્ર દ્વારા 'શાંતિથી એક સાથે રહેવાનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 16 મે

7. તાજેતરમાં કયા દેશમાં 30 લોકોને ફાંસીની સજા આપવામાં આવી છે ? – ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો

8. તાજેતરમાં કઈ ટીમ એ FA કપ જીત્યો છે ? – લિસેસ્ટર સિટસ

9. તાજેતરમાં શ્રી રાજેન્દ્રસિંહ જાડેજાનું કોરોનાના કારણે નિધન થયુ છે. તે કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ

10. વર્ષ 1960માં લેસરના પ્રથમ સફળ ઓપરેશનની વર્ષ ગાંઠ તરીકે થિયેડોર મેમણ દ્વારા કયા આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ

11. પ્રોફેસર એમ.એસ. નરસિમ્હનનું તાજેતરમાં નિધન થયું તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – ગણિત

(જાણીતા ગણિતના પ્રોફેસર શ્રી એમ.એસ. નારસિમ્હનનું તાજેતરમાં 88 વર્ષની વયે નિધન થયું છે. તેઓ નરસિમ્હન–શેષાદ્રી પ્રમેય માટે જાણીતા હતા. વિજ્ઞાનમાં કિંગ ફૈઝલ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર એકમાત્ર ભારતીય હતા.)

12. હજારીબાગ રેલ્વે સ્ટેશન પર WI-FI ની શરૂઆત સાથે ભારતીય રેલ્વેએ કેટલા સ્ટેશનો પર સફળતા પૂર્વક WI-FI સ્થાપિત કર્યા છે. – 6000

13. તાજેતરમાં 'ઓકેનોસ એક્સપ્લોરર'નામના જહાજને સમુદ્રની નીચેની સપાટીની શોધ કરવા માટે મોકલવામાં આવ્યું છે. તે કયા દેશનું જહાજ છે ? – અમેરિકા

14. સંવેદના (SAMVEDNA) શું છે ? – કોવિડ-19 સંક્રમિત બાળકો માટેની હેલ્પલાઈન
(SAMVEDNA નું પૂરું નામ 'Senisitizing Action on Mental Health Vulnerability Through Emotional Development and Necessary Accepatce' છે. તે એક ટોલ–ફ્રી હેલ્પલાઈન છે. જેના દ્વારા COVID-19 સંક્રમિત બાળકોને સલાહ આપવામાં આવે છે. આ ટોલ ફ્રી નંબર 1800-121-2830 છે.)

15. જનજાતીય શાળાઓના ડિજિટલ કાયાકલ્પ અંગે ભારતે કોની સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – માઈક્રોસોફ્ટ

16. બાર્સેલોનાએ કોને હરાવીને પ્રથમ વખત વિમેન્સ ચેમ્પિયન્સ લીગ જીતી છે ? – ચેલ્સી

17. સુશ્રી ઈગા સ્વિયાટેક કોને હરાવીને ઈટાલિયન ઓપન 2021માં ચેમ્પિયન બની હતી ? – પ્લિસકોવા

18. ભારતનું પ્રથમ કૃષિ નિકાસ સુવિધા કેન્દ્ર કયા સ્થળે સ્થાપિત કરવામાં આવ્યું ? – પૂણે
(મહારાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એગ્રિકલ્ચર તથા NABARD એ તાજેતરમાં ભારતનું પ્રથમ કૃષિ નિકાસ સુવિધા કેન્દ્ર શરૂ કર્યું છે. આ કેન્દ્ર મહારાષ્ટ્ર રાજ્યની કૃષિ અને ખાદ્ય નિકાસને પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે.)

19. કઠોળના ભાવમાં થયેલા વધારાને ઘટાડવા માટે ભારત સરકારે તાજેતરમાં કઈ પગલું ભર્યુ છે ?
– કઠોળની મફત આયાતની મંજૂરી

20. કયા રાજ્યએ તેના કાયદા દ્વારા માઈક્રો ફાઈનાન્સને નિયંત્રિત કરવાની દરખાસ્ત કરી છે ? – આસામ

21. કઈ સંસ્થાઓએ કહ્યું છે કે 'લાંબા સમય સુધી કામ કરવા'ના પરિણામે વિશ્વભરમાં દર વર્ષે 7.45 લાખ લોકો મૃત્યું પામ્યા છે ? – WHO અને ILO

22. તાજેતરમાં કયું પ્રાણી ભારતમાં 108 વર્ષના સમયગાળા પછી મિઝોરમના પુલશંય અભ્યારણ્યમાં જોવા મળ્યું છે ?
– ડોરિયાઝ ફોમ–નેસ્ટિંગ ટ્રી ફ્રોગ(દેડકા જેવુ પ્રાણી)

23. ભારતના કયા રાજ્યએ 'CLAP' નામનું સફાઈ અભિયાન શરૂ કર્યુ છે ? – આંધ્રપ્રદેશ

24. કઈ સંસ્થાએ MSME વૃધ્ધિ માટે 'SHWAS' અને 'AROG' નામની બે ઝડપી લોન વિતરણ યોજના શરૂ કરી છે ?
– SIDBI

25. કેન્દ્ર સરકારે ખાતરની સબસિડીમાં કેટલા ટકાનો વધારો કર્યો છે. – 140%

26. INS રાજપૂત ભારતીય નૌકાદળમાં કયા વર્ષે કાર્યરત થયું હતું ? – 1980

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(INS રાજપૂત જહાજને 21 મે 2021ના રોજ નિવૃત કરવામાં આવશે. આ જહાજે ભારતીય નૌકાદળમાં લગભગ 41 વર્ષ સેવા આપી છે)

27. ભારતીય નૌકાદળે ઓક્સિજન સંકટને પહોંચી વળવા માટે કઈ સિસ્ટમની રચના કરી છે ? – **Oxygen Recycling System**

28. ICMR દ્વારા ઘરોમાં COVID-19 પરીક્ષણ માટે કઈ કીટને મંજૂરી આપવામાં આવી છે ? – **Coviself**

29. તાજેતરમાં પક્ષીઓની વસતી વિશેના એક અભ્યાસ મુજબ કયા દેશમાં 50 અબજ વ્યક્તિગત વન્ય પક્ષીઓનો અંદાજ છે ? – ઓસ્ટ્રેલિયા

30. ટ્રમ્પે કઈ વિઝા પર લાદેલા નિયંત્રણો બાઈડન સરકારે દૂર કર્યા છે ? – **H1B**

(તાજેતરમાં શ્રી જો બાઈડનની સરકારે જાહેર કર્યુ હતું કે શ્રી ડોનાલ્ડ ટ્રમ્પના સમગમા H1B વિઝા માટેના નિયમોમા કરેલા સુધારા રદ કર્યા છે.)

31. કયા બાસ્કેટ બોલ ખેલાડીને મરણોતર 'બાસ્કેટ બોલ ઓફ હોલ ફેમ'માં સામેલ કરવામાં આવ્યા છે ? – શ્રી કોબે બ્રાયન્ટ

32. મિકસ્ડ માર્શલ આર્ટિસ્ટ્સ (MMA) વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતનાર ભારતીય મૂળના પ્રથમ ખેલાડી કોણ છે ? – અર્જુન ભુલ્લર

33. શ્રી કી. રાજનારાયણનનું તાજેતરમાં અવસાન થયું હતું તે કઈ ભાષાના લેખક છે ? – તમિલ

(તમિલ લેખક અને સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા શ્રી કી. રાજનારાયણનનું 98 વર્ષની વયે નિધન થયું છે. તેમને 'કી રા'ના નામથી પણ ઓળખવામાં આવે છે. તેમણે વર્ષ 1991માં 'ગોપાલ પુથુ મક્કલ' નવલકથા માટે સાહિત્ય અકાદમીનો એવોર્ડ જીત્યો હતો.)

34. સુશ્રી માર્થા કૂમ કયા દેશના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ છે ? – કેન્યા

35. 'Mission Oxygen Self-Reliance' મિશન કયા રાજ્ય સરકારે લોન્ચ કર્યુ છે ? – મહારાષ્ટ્ર

36. સાતપુડા ટાઈગર રિઝર્વ જે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યું છે. જે કયા રાજ્યમાં સ્થિત છે ? – મધ્યપ્રદેશ

37. ભારતનો વિદેશી મુદ્રા ભંડાર 563 અબજ ડોલરથી વધીને ......... અબજ ડોલર થયું છે. – **590.028**

38. ....... ક્ષેત્રમાં ઈઝરાયલ–હમાસ યુધ્ધ વિરામ લાગુ થયું. – ગાજા પટ્ટી

39. RBI એ કેન્દ્ર સરકારને કેટલા હજાર કરોડના ટ્રાન્સફરને મંજૂરી આપી છે ? – **99,122**

40. પ્રથમ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા શ્રી ઓપી ભારદ્વાજનું નિધન થયું છે. તે કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – બોક્સિંગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT